# Current Affairs October-2017

## 1.October. 2017

### (૧) એનિ બેસન્ટ :

- સવાઇ ભારતીય તરીકે ઓળખાતા એની બેસન્ટનો આજે જન્મદિવસ છે.
- જન્મ : ૧ ઓક્ટોબર, ૧૮૪૭
- લંડનના મધ્યમવર્ગીય પરિવારમાં જન્મેલા બેસન્ટ મૂળ આયર્લેન્ડના હતા.
- ૧૮૯૩માં ભારત આવી બિનસાંપ્રદાયિકતા, જન્મદર નિયંત્રણ અને સ્ત્રી હકો માટે લડત શરૂ કરી.
- મદ્રાસ પાસે અડિયારમાં થિયોસોફિકલ સોસાયટી, 'સન્સ ઓફ ઇન્ડિયા' અને 'ડોટર્સ ઓફ ઇન્ડિયા' નામની સંસ્થાઓની સ્થાપના કરી.
- સપ્ટેમ્બર, ૧૯૧૬માં હોમરૂલ લીગની શરૂઆત કરી, જે સ્વરાજનો વિચાર આપનાર પહેલી સંસ્થા હતી.
- તેમના સામાયિક : 'ન્યૂ ઇન્ડિયા' અને 'કોમનવિલ'
- ૧૯૧૭માં તેઓ કોંગ્રેસ અધિવેશનના પ્રથમ મહિલા પ્રમુખ બન્યા જે અધિવેશન કલકત્તામાં હતું.

### (૨) ટોમ ઓલ્ટર : અભિનેતા :

- રંગમચ, ટેલિવિઝન અને ફિલ્મોના પીઢ અભિનેતા ટોમ ઓલ્ટરનું અવસાન.
- તેઓ લાંબા સમયથી સ્કીન કેન્સરથી પીડાતા હતા.
- મૂળ અમેરિકન ટોમ ઓલ્ટરનો જન્મ ભારતના મસૂરીમાં થયો હતો.
- આશરે ૩૦૦ થી વધુ ફિલ્મોમાં પ્રદાન અને ભારત પ્રત્યેનિષ્ઠા જોતા વર્ષ ૨૦૦૮માં ભારત સરકારે તેમને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કર્યા હતા.
- તેમણે ફિલ્મ દુનિયામાં પ્રવેશતા પહેલા ક્રિકેટ વિવેચક, પત્રકાર બનવાની ઇચ્છા હતા.
- તેમણે ૧૯૮૦-૯૦ના દાયકામાં સ્પોર્ટસ જર્નાલિસ્ટ તરીકે કામ કર્યું હતું.
- સચીન તેંડુલકર માત્ર ૧૬ વર્ષના હતા અને કારકીર્દિની પ્રથમ ટેસ્ટમેચ પણ રમી ન હતી. ત્યારે તેનો પ્રથમ ટીવી ઇન્ટરવ્યુ મુંબઇના શિવાજી પાર્કમાં ટોમ ઓલ્ટરે લીધો હતો.
- ટોમે ૨૦૧૨માં આવેલ ગુજરાતી ફિલ્મ ' કેવી રીતે જઇશ' માં પણ અભિનય કર્યો હતો. જેના નિર્દેશક અભિષેક જૈન હતા.
- તેમની પ્રખ્યાત ફિલ્મો :

  ચરસ, શતરંજકે ખેલાડી ક્રાંતિ, ગાંધી, આશિકી, મંગલપાંડે સરદાર અને રામ તેરી ગંગા મૈલી
- તથા તેઓ શક્તિમાન જેવી ટીવી શ્રેણીમાં પણ લોકપ્રિય રહેલા

### (3) અનુષ્કા શર્મા – સ્વચ્છ ભારત અભિયાન :

- કેન્દ્ર સરકારે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત 'સ્વચ્છતા એક સેવા' ની પહેલ માટે અનુષ્કા શર્માને એમ્બેસેડર બનાવી.
- અનુષ્કા ઉપરાંત સરકારે મલયાલમ ફિલ્મોના અભિનેતા મોહનલાલને પણ આ અભિયાનનો હિસ્સો બનવા આમંત્રણ આપ્યું.

### (૪) શ્યોક પૂલનો શુભારંભ :

- સંરક્ષણ મંત્રી નિર્મલા સિતારમને શ્યોક પૂલનો શુભારંભ કરાવ્યો.
- આ પુલ લેહને કારાકોરમ સાથે જોડશે.
- આ પુલ વ્યુહાત્મક રૂપે મહત્વપૂર્ણ ડારબક- શ્યોક- દૌલત બેગ ઓલ્ડી ક્ષેત્રને કનેક્ટિવિટી આપશે.
- આટલી ઉંચાઇ પર પુલ, માર્ગ બનાવવો એ દેશ માટે ગર્વની વાત છે.

### (૫) નવા રાજ્યપાલોની નિમણૂંક :

- રાષ્ટ્રપતિ રામનાથ ગોવિંદે પાંચ રાજ્યોમાં રાજ્યપાલ અને આંદમાન- નિકોબારમાં લેફ્ટ. ગવર્નરની નિમણૂક કરી.

(૧) તમિલનાડુ :

- આસામના રાજ્યપાલ બનવારીલાલ પુરોહીતને તમિલનાડુના કાયમી રાજ્યપાલ બનાવાયા
- ત્રણ વખત સાંસદ રહી ચૂક્યા છે.
- તેમણે ગોપાલકૃષ્ણ ગોખલે દ્વારા શરૂ કરાયેલા હિતાવાદા અંગ્રેજી અખબારને પુનર્જિવિત કર્યું હતું.

(૨) બિહાર :

- સત્યપાલ મલિક
- તેઓ એકવાર લોકસભા અને બે વાર રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે.

(૩) અરૂણાચલ પ્રદેશ :

- નિવૃત્ત બિગ્રેડિયર બી.ડી મિશ્રા
- ૧૯૯૩માં અમૃતસર ખાતે ઇન્ડિયન એરલાઇન્સના વિમાનના અપહરણ સમયે સફળ અભિયાનનું નેતૃત્વ કર્યું હતું.

(૪) આસામ :

- જગદિશ મુખી
- દિલ્હી વિધાનસભામાં ૧૦ વર્ષ વિપક્ષના નેતા રહ્યા

(૫) મેઘાલય :

- ગંગા પ્રસાદ
- બિહારમાં ૧૮ વર્ષ વિધાન પરિષદના સભ્ય

(૬) આંદામાન- નિકોબાર (કેન્દ્રશાસિત પ્રદેશ)

- દેવેન્દ્ર જોશીલેફ્ટ. - ગવર્નર પદે નિમાયા
- તેઓ ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી ભારતીય નૌકાદળના વડા રહી ચૂક્યા છે.

**પ્રશ્નો :**

૧ એની બેસન્ટ કયાં વર્ષમાં કોંગ્રેસ અધિવેશન કલકત્તાના અધ્યક્ષ હતા ?
- ૧૯૧૭

૨ એની બેસન્ટના સામાયિક કોમનવીલ તથા ?
- ન્યુ ઇન્ડિયા

3 અભિનેતા ટોમ ઓલ્ટરે કઇ ગુજરાતી ફિલ્મમાં અભિનય કર્યો હતો ?
- કેવી રીતે જઇશ

Vivekanand Academy Gandhinagar

૪ ભારત સરકારે ટોમ ઓલ્ટરને વર્ષ ૨૦૦૮માં કયાં એવોર્ડથી સન્માનીત કર્યા હતા ?

– પદ્મશ્રી

૫ મૂળ અમેરિકન ટોમ ઓલ્ટરનો જન્મ કયાં થયો હતો ?

– મસૂરી

૬ કેન્દ્ર સરકારે ‘સ્વચ્છતા એક સેવા’ ની પહેલા માટે કઇ અભિનેત્રીને એમ્બેસેડર બનાવી ?

– અનુષ્કા શર્મા

૭ સંરક્ષણ પ્રધાન નિર્મલા સિતારમને શ્યોક પૂલનો શુભારંભ કરાવ્યો તે કયાં બે સ્થળને જોડશે ?

– લેહ – કારાકોરમ

૮ તમિલનાડુના નવા રાજ્યપાલનું નામ જણાવો ?

– બનવારીલાલ પુરોહીત

૯ બિહારા રાજ્યપાલ – સત્યપાલ મલિક

૧૦ ગંગા પ્રસાદની કયાં રાજ્યના રાજ્યપાલ પદે નિમણૂંક થઇ

– મેઘાલય

૧૧ આંદામાન નિકોબારના લેફ્ટ. ગવર્નર પદે કોને નિયુક્ત કરાયા ?

– દેવેન્દ્ર જોશી.

## 2.October. 2017

**(૧) વિશ્વ અહિંસા દિવસ :**

– રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૮મી જન્મજયંતિ

– તેમના જન્મદિવસે સમગ્ર વિશ્વ વિશ્વ અહિંસા દિવસ મનાવે છે.

– તેમના જન્મસ્થાન પોરબંદર ખાતે સર્વધર્મ પ્રાર્થના નું આયોજન થયું હતું.

– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ પણ પોરબંદરની મુલાકાત લઇ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી ખાતે મહાત્મા ગાંધીના સમાધી સ્થળ ‘રાજઘાટ’ ખાતે ફુલ અર્પણ કરી ગાંધીજીને શ્રદ્ધાંજલી આપી હતી.

– નેધરલેન્ડમાં ‘ફોલો ધ મહાત્મા’ માર્ચ :
નેધરલેન્ડના હેગ ખાતે ૧–૨ ઓક્ટોબર દરમિયાન ‘ફોલો ધ મહાત્મા’ માર્ચનું આયોજન થયું હતું.

– આ માર્ચમાં જુદા જુદા દેશોમાંથી આશરે ૧૫૦૦ લોકોએ પદયાત્રા કરી.

– આ માર્ચમાં મહાત્મા ગાંધીના સત્ય અને અહિંસાના આદર્શોનો પ્રચાર– પ્રસાર થયો.

– ભારતના ફિટનેસ – આઇકન અભિનેતા મિલિંદ સોમણે પણ ભાગ લીધો.

– નેધરલેન્ડમાં ગાંધીજી પર આટલા મોટા પાયે આયોજીત થનારો આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ હતો.

– ગાંધી મેમોરીયલ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયાએ ગાંધીજી ઉપયોગ કરતાં તે સાયકલ નેધરલેન્ડને મોકલી હતી જેનું પ્રદર્શન થયું હતું.

– આ માર્ચ માટે ટિશર્ટ વહેચવામાં આવ્યા હતા. જેમાં ગાંધીજી સાયકલની સાથે દેખાઇ રહ્યા હતા.

– આ માર્ચનું આયોજન નેધરલેન્ડની ભારતીય કોમ્યુનીટી અને ભારતીય દુતાવાસે કર્યું હતું.

– આ માર્ચ દરમિયાન ‘ગાંધી’ નામના એક પુસ્તકનું વિમોચન થયુ જેના લેખક પ્રમોદકુમાર છે.

– નેધરલેન્ડમાં ભારતીય રાજદૂત : વેણુ રાજામોની

**(૨) લાલબહાદુર શાસ્ત્રી જન્મજયંતિ :**

– ભારતના બીજા વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીની આજે ૧૧૩મી જન્મજયંતી

– તેમનો જન્મ ૨ ઓક્ટોબર, ૧૯૦૪ના રોજ થયો હતો.

– તેમણે દેશને ‘જય જવાન જય કિશાન’ સુત્ર આપ્યું હતું.

**(૩) વન્યજીવ સપ્તાહ :**

– ૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહ ઉજવવામાં આવે છે.

**(૪) ભારત અમેરિકા પાસેથી ખનીજતેલની આયાત કરશે.**

– ભારત – અમેરિકા વચ્ચે જુલાઇ ૨૦૧૭ માં ખનીજ તેલની આયાતનો કરાર થયો હતો.

– ભારતે ૩૯ લાખ બેરલનો ઓર્ડર કર્યો હતો.

– કરાર પ્રમાણે ૧૬ લાખ બેરલ ભરેલું પ્રથમ જહાજ ઓડીશાના પારાદીપ પોર્ટ પર પહોંચ્યુ હતું.

**પ્રશ્ન :**

૧ ૨ ઓક્ટોબર ૨૦૧૭ ગાંધીજીની કેટલામી જન્યજયંતિ ઉજવાઇ ?

– ૧૪૮

૨ ગાંધીજીના જન્મદિવસે તેમના જન્મસ્થાને કઇ પ્રાર્થનાનું આયોજન થાય છે ?

– સર્વધર્મ પ્રાર્થના

૩ ગાંધીજીનું સમાધી સ્થળ ?

– રાજઘાટ

૪ કયા દેશમાં ફોલો ધ મહાત્મા માર્ચનું આયોજન થયું હતું ?

– નેધરલેન્ડ

૫ ફોલો ધ મહાત્મા’ માર્ચમાં ટી શર્ટ પર ગાંધીજી સાથે કોનો ફોટો હતો ?

– સાયકલ

૬ નેધરલેન્ડમાં ‘ગાંધી’ નામના પુસ્તકનું વિમોચન થયું તેના લેખક ?

– પ્રોમદકુમાર

૭ નેધરલેન્ડમાં ભારતીય રાજદૂત ?

– વેણુ રાજામોની

૮ વન્યજીવ સપ્તાહ ક્યારે ઉજવાય છે ?

– ૨ થી ૮ ઓક્ટોબર

૯ ૨ ઓક્ટોબરના રોજ લાલબહાદુર શાસ્ત્રીની કેટલામી જન્મજયંતિ હતી ?

– ૧૧૩

૧૦ તાજેતરમાં કયાં દેશ પાસેથી ભારતે ખનીજતેલ આયાત કર્યું ?

– અમેરિકા

## 3.October. 2017

**(૧) ઓબીસી કક્ષાઓમાં અનામતના લાભોની પૂન:વહેંચણી નક્કી કરવા પંચની રચના : કેન્દ્ર**

- અન્ય પછાત વર્ગના સબકેટેગરાઇઝેશન પર અહેવાલ તૈયાર કરવા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પંચની રચના કરી.
- મંડલપંચે ૧૯૯૦માં અન્ય પછાત જાતિઓને ૨૭ ટકા અનામત આપવાની જોગવાઇ કરી હતી.
- હવે સબકેટેગરી વચ્ચે તે લાભોની પુનઃ વહેચણીના મુદ્દે પંચ સમીક્ષા કરશે.
- નિવૃત્ત જસ્ટિસ જી. રોહિણી આ પંચના અધ્યક્ષ રહેશે.
- પંચ ૧૨ સપ્તાહમાં પોતાના અહેવાલ સોંપશે.
- કેન્દ્ર સરકારની નોકરીઓ અને મધ્યસ્થ ઇન્સ્ટિટ્યુટમાં પ્રવેશ માટે તમામ ઓબીસી કેટેગરી વચ્ચે અનામતના લાભની બરોબરમાં વહેંચણી કરવાને મુદ્દે વિચાર કરશે.
- ઓબીસી યાદીમાં સામેલ જાતિ, સમુદાયો, ઉપજાતિઓની ઓળખ કરશે. અને તેને સંબંધિત કેટેગરીમાં વહેચવા માટે ભલામણ કરશે.

**(૨) લાસ વેગાસ : યુ.એસ.**

- અમેરિકાના લાસ વેગાસમાં એક મ્યુઝિક ફેસ્ટીવલમાં ઘાતકી શુટઆઉટ
- આ હુમલો સ્થાનિક સ્ટીફન પેડ્ડાકે કર્યો હતો. જેમાં ૫૮ લોકો માર્યા ગયા હતા તથા ૫૦૦ થી વધારે ઘાયલ થયા હતા.
- આ મ્યુઝિક કોન્સર્ટ હોટલના ૩૨માં માળે હતુ જેમાં ૨૨૦૦૦ લોકો હતા.
- લાસ વેગાસ અમેરિકાના નેવાડા રાજ્યમાં આવેલું છે.
- દુનિયાના એન્ટરટેઇન્મેટ કેપિટલ તરીકે ઓળખાતું આ શહેર તેના ભવ્ય કેસીનો, હોટેલ્સ અને રિસોર્ટ માટે જાણીતું છે.

**(૩) નરસિંહ મહેતા એવોર્ડ : ૨૦૧૭**

- ગુજરાતી કવિતાનો પ્રતિષ્ઠિત એવોર્ડ
- નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ કવિને આ એવોર્ડ એનાયત થાય છે.
- દર વર્ષે શરદ પુનમની ઢળતી સાંજે ગીરનારમાં આવેલ રૂપાયતન ખાતે આ એવોર્ડ સમારોહ યોજાય છે.
- એવોર્ડ મોરારી બાપુના હસ્તે એનાયત થાય છે.
- એવોર્ડ સાથે નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમાં તથા ૧.૫૧ લાખની સન્માન રાશી આપવામાં આવે છે.
- આ વર્ષે બે પ્રતિષ્ઠિત કવિઓને આ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે.

  (૧) ૨૩મો નરસિંહ મહેતા એવોર્ડ કવિ ગુલામ મોહમ્મદ શેખ

  (૨) ૨૪મો નરસિંહ મહેતા એવોર્ડ કવિ દલપત પઢીયારને અર્પણ કરાશે.

**(૪) હેમા માલિનીનું રશિયામાં સન્માન :**

- પીઢ અભિનેત્રી તથા રાજકારણી હેમા માલિનીને રશિયામાં સન્માનીત કરવામાં આવ્યા.
- સિનેમા જગતમાં તેમના વિશેષ યોગદાન બદલ તેમને એવોર્ડથી સન્માનીત કરાયા.
- રશિયામાં યોજાયેલ ચોથા ભારતીય ફિલ્મ મહોત્સવમાં તેઓને સન્માનીત કરાયા.

પ્રશ્નો :

(૧) ઓબીસી કક્ષાઓમાં અનામતના લાભની પુન: વહેંચણી માટે રચાયેલ પંચના અધ્યક્ષ ?

- નિવૃત્ત જસ્ટિસ જી. રોહિણી

(૨) મંડલપંચ દ્વારા ૧૯૯૦માં અન્ય પછાત જાતિઓને કેટાલ ટકા અનામત આપવાની જોગવાઈ કરી હતી ?

- ૨૭ ટકા

(૩) તાજેતરમાં અમેરિકાના કયા શહેરમાં સ્થાનિકે જ હુમલો કર્યો ?

- લાસ વેગાસ

(૪) લાસ વેગાસ અમેરિકાનાં કયા રાજ્યનું સીટી છે ?

- નેવાડા

૫ દર વર્ષે નરસિંહ મહેતા એવોર્ડ ક્યારે અપાય છે ?

- શરદ પૂનમની સાંજે

૬ નરસિંહ મહેતા એવોર્ડમાં ઇનામી રાશી કેટલી હોય છે ?

- ૧.૫૧ લાખ રૂ.

૭ આ વર્ષે કયાં બે કવિને નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થશે ?

- કવિ ગુલામ મોહમ્મદ શેખ – ૨૩ મો

  કવિ દલપત પઢીયાર – ૨૪ મો

૮ નરસિંહ મહેતા એવોર્ડ કોના હસ્તે અપાય છે ?

- મોરારી બાપુ.

૯ તાજેતરમાં કઇ અભિનેત્રીનું સિનેજગતમાં યોગદાન બદલ રશિયામાં સન્માન કરાયું ?

- હેમા માલિની

## 4.October. 2017

**(૧) વર્લ્ડ સ્પેસ વીક :**

- વિશ્વભરમાં ખગોળ સંશોધનોને પ્રોત્સાહીત કરવા ૪ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન વર્લ્ડ સ્પેસ વીક મનાવવામાં આવે છે.
- આ વર્ષની થીમ : નવા વિશ્વની શોધ

**(૨) બિન અનામત વર્ગ આર્થિક – શૈક્ષણિક વિકાસ નિગમ :**

- રાજ્ય સરકારે બિન અનામત વર્ગ આર્થિક–શૈક્ષણિક વિકાસ નિમગની રચના કરી
- જેના માટે રૂા. ૬૦૦ કરોડની ફાળવણી કરી છે.
- હવે તેમાં રાજકીય સમાજજીવનમાંથી આવતા આગેવાનોમાંથી અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સાત બિન સરકારી સભ્યોની નિમણૂંક થશે.
- આ નિગમ માટે ૧ ક્લાસ વન અધિકારી, ૧ ક્લાસ ટુ અધિકારી સહીત કુલ ૧૮ નું મહેકમ મંજુર કરવામાં આવ્યું છે.
- આ નિગમ બિન અનામત વર્ગની ૫૮ જ્ઞાતીના પરિવારો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, પશુપાલકો,

Vivekanand Academy Gandhinagar

વેપારીઓ તમામ જૂથોના ઉત્કર્ષ માટે નવી યોજના કાઢશે.
- તથા વ્યાજમાં રાહત સાથે લોન ઉપલબ્ધ કરાવાશે.
- આ ઉપરાંત બિન અનામત વર્ગો માટે આયોગની પણ રચના થશે. જેનું કામ બિન અનામત વર્ગની જ્ઞાતીઓના ઉત્કર્ષ માટે યોજના તૈયાર કરવાનું રહેશે.
- પોલીસ દમનની તપાસ માટે જસ્ટિસ એ.કે. પુજના વડપણ હેઠળ પંચની રચના.

**(૪) ઇન્ટરનેશનલ માસ્ટર એથ્લેટીક્સ ચેમ્પિ. : ચીન**
- તાજેતરમાં ચીન ખાતે ઇન્ટરનેશનલ માસ્ટર એથ્લેટીક્સનું આયોજન હતું.
- આ સ્પર્ધામાં જૂનાગઢનાં ૭૭ વર્ષના ભાનુમતીબેન કે. પટેલે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- તેઓએ ૫ હજાર મીટર ચાલ અને ૫ હજાર મીટર દૌડ બંનેમાં બીજો ક્રમ મેળવી સિલ્વર મેડલ જીત્યો હતો.

પ્રશ્ન :

(૧) વર્લ્ડ સ્પેસ વીક ક્યારે ઉજવાય છે ?
- ૪ થી ૧૦ ઓક્ટોબર

૨ બિન અનામત વર્ગ આર્થિક – શૈક્ષણિક વિકાસ નિગમ માટે સરકારે કેટલા રૂા. ની ફાળવણી કરી ?
- રૂા. ૬૦૦ કરોડ

૩ બિન અનામત વર્ગ આર્થિક વિકાસ નિગમમાં અધ્યક્ષ– ઉપાધ્યક્ષ સહીત કેટલા સભ્યોની સમિતિ હશે ?
- નવ

૪ તાજેતરમાં જૂનાગઢમાં ક્યાં વૃદ્ધ મહિલાએ ચીનમાં માસ્ટર એથ્લેટીક્સમાં બે સીલ્વર મેડલ જીત્યા ?
- ભાનુમતીબેન કે. પટેલ

## 5.October. 2017

**(૧) પર્યટન પર્વ :**
- ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા આ વર્ષ ૫ થી ૨૫ ઓક્ટોબર દરમિયાન પર્યટન પર્વ મનાવવામાં આવશે.
- પર્યટન મંત્રાલય, ભારત સરકાર અન્ય કેન્દ્રીય મંત્રાલયો તથા રાજ્યોના સહયોગથી સમગ્ર દેશમાં 'બધા માટે પર્યટન' ની ભાવનાનો સમારોહ
- આ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાશે જેમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, પ્રદર્શનો, ભોજન ઉત્સવ, વસ્ત્ર તથા શિલ્પ બજાર, બાળકો માટે ચિત્ર સ્પર્ધા, વીડિયો ફોટોગ્રાફી, બ્લોગ લેખન

**(૨) પૂજા કાદિયાન : ભારતીય વુશુ પ્લેયર :**
- ભારતની પુજા કાદિયાને રશિયા ખાતે યોજાયેલ વર્લ્ડ વુશુ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.
- આ સાથે જ તેઓ આ ચેમ્પિયનશીપમાં ગોલ્ડમેડલ મેળવનારા પ્રથમ ભારતીય બની ગયા છે.
- ફાઇનલમાં તેણે રશિયન સ્ટેપાનોવાને હરાવી હતી.
- આ ગોલ્ડમેડલ તેણે ૭૫ કિ.ગ્રા. વર્ગમાં મેળવ્યો હતો.

**(૩) ઓપરેશન સાગર સુરક્ષા કવચ :**
- સૌરાષ્ટ્રના સાગરકાંઠે બે દિવસીય ઓપરેશન સાગર સુરક્ષા કવચનું આયોજન થયું.
- આ અંતર્ગત અલગ –અલગ મોકડ્રીલનું આયોજન થાય છે. તથા એજન્સીઓની સતર્કતા અને સંકલનની ચકાસણી કરાય છે.
- પોરબંદરના મિયાણાથી માધવપુરના ૧૧૦ કિ.મી.ના વિસ્તારમાં આ ઓપરેશન સાગર સુરક્ષા કવચ યોજવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

૧ ભારત સરકારના પર્યટન મંત્રાલય દ્વારા કયાં સમયગાળા દરમિયાન પર્યટન પર્વ ઉજવાશે ?
- ૫–૨૫ ઓક્ટોબર – ૨૦૧૭

૨ પુજા કાદિયાન કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- વુશુ

૩ રશિયા ખાતે યોજાયેલ વુશુ ચેમ્પિયનશીપમાં કેટલા કિગ્રા વજન વર્ગમાં પુજા કાદિયાને ગોલ્ડમેડલ જીત્યો ?
- ૭૫

૪ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાની સુરક્ષા માટે કયું ઓપરેશન બે દિવસ યોજાયું ?
- ઓપરેશન સાગર સુરક્ષા કવચ

૫ આરબીઆઇના અંદાજ મુજબ વર્ષ ૨૦૧૭ – ૧૮માં ભારતનો જીડીપી કેટલો રહેશે ?
- ૬.૭ ટકા

## 6.October. 2017

**(૧) કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ :**
- અકસ્માતનો ભોગ બનેલ ઇજાગ્રસ્ત પશુ–પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકારની યોજના.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે તા. ૬/૧૦/૨૦૧૭ના રોજ ગાંધીનગરથી શુભારંભ
- ઉત્તરાયણ, દિવાળી તથા અન્ય તહેવારોમાં અનાથ પશુ– પક્ષીઓ અકસ્માતે ઇજાગ્રસ્ત બને તેવા સમયે સમયસર સારવાર.
- હેલ્પલાઇન નંબર : ૧૯૬૨
- પાઇલોટ પ્રોજેક્ટ તરીકે રાજ્યના સાત જિલ્લામાં આ યોજના અમલમાં મુકાશે.
- અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા જિલ્લામાં મહાનગરપાલિકા દીઠ બે તથા મહેસાણા, પાલનપુર અને ભાવનગર શહેરી દીઠ એક–એક એમ કુલ ૧૧ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ ચાલશે.
- રાજ્ય સરકાર અને GVK EMRI ના સંયુક્ત ઉપક્રમે પીપીપી મોડેલથી યોજનાનું અમલીકરણ
- સ્વૈચ્છિક સંસ્થાઓ, પાંજરાપોળ તથા રાજ્યમાં પશુ આરોગ્ય સેવાઓ પુરી પાડતી સંસ્થાઓ સાથે સહયોગ.
- EMRI ઇમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ

**(૨) ભારતના ટોપ–૧૦૦ ધનિકો :**

Vivekanand Academy Gandhinagar

- પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ તાજેતરમાં ભારતના ૧૦૦ સૌથી ધનિક લોકોની યાદી બહાર પાડી
- ફોર્બ્સ મુજબ ભારતના ૧૦૦ સૌથી ધનિક લોકોની સંપતિ ર૬ ટકા વધી છે.
- જે દેશના જીડીપીના આશરે ૨૦ ટકા છે.
- રિલાયન્સના મુકેશ અંબાણી સતત ૧૦ માં વર્ષે પહેલા નંબરે છે. તેમની સંપતી ૨.૪૭ લાખ કરોડ અંકાઇ છે.
- પતંજલીના સીઇઓ આચાર્ય બાલકૃષ્ણ ૪૮માંથી ૧૯માં ક્રમે આવ્યા છે.
- ટોપ–૫ ભારતીય ધનિકો

| નામ | નેટવર્થ | રેન્કિંગ |
|---|---|---|
| મુકેશ અંબાણણી | ૨.૪૭ | ૧ |
| અઝીમ પ્રેમજી | ૧.૨૩ | ૨ |
| હિંદુજા બ્રધર્સ | ૧.૨૦ | ૩ |
| લક્ષ્મી મીતલ | ૧.૦૭ | ૪ |
| પેલોનજી મિસ્રી | ૧.૦૪ | ૫ |

- આ ટોપ–૧૦૦ ધનિકોમાં ૩ મહીલાઓ પણ સામેલ છે.

| નામ | રેન્કિંગ |
|---|---|
| સાવિત્રી જિંદાલ – ઓ.પી. જિંદાલ ગ્રૃપ | ૧૬ |
| લીના તિવારી યુએસવી ઇન્ડિયા | ૭૧ |
| કિરણ મજુમદાર શો, બાયોકોન | ૭૨ |

પ્રશ્નો :

૧ તાજેતરમાં રાજ્યસરકારે અકસ્માતનો ભોગ બનેલા પશુ–પક્ષિઓ માટે કઇ યોજનાની શરૂઆત કરી ?
- 'કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ'

૨ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન નંબર ?
- ૧૯૬૨

૩ કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ પાયલોટ પ્રોજેક્ટ તરીકે કેટલા જિલ્લામાં શુભારંભ થયો ?
- સાત

૪ EMRI નું પુરૂનામ લખો
- ઇમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ

૫ ફોર્બ્સ મુજબ ભારતના ટોપ–૧૦૦ ધનિકોમાં પ્રથમ નંબરે કોણ છે ?
- મુકેશ અંબાણી

૬ આચાર્ય બાલકૃષ્ણ કઇ કંપનીના સીઇઓ છે ?
- પતંજલી

૭ કિરણ મજુમદાર શો કઇ કંપનીના સીઇઓ છે ?
- બાયોકોન

૮ ભારતના ટોપ–૧૦૦ ધનિકોમાં કેટલી મહિલાઓ છે ?
- ત્રણ

## 7.October. 2017

### (૧) રાજ્યનું પ્રથમ વાહન ફિટનેસ સેન્ટર : સુરત

- સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલ માસમા ખાતે વાહન ફિટનેસ સેન્ટર શરૂ કરવામાં આવ્યું.
- આ ફિટનેસ સેન્ટર રાજ્યનું પ્રથમ અને દેશનું ૧૦ મું સેન્ટર બન્યું.
- જ્યાં હવેથી અત્યાધુનિક પદ્ધતિથી વાહનોનું ફિટનેસ ચેકિંગ કરવામાં આવશે.
- સુરતમાં શરૂ કર્યા બાદ હવે રાજ્યમાં અન્ય સેન્ટરમાં પણ આવા ફિટનેસ સેન્ટર શરૂ કરવામાં આવશે.

### (૨) નેટે વાવાઝોડું

- એટલાન્ટિક મહાસાગરમાં હાર્વે, ઇરમા અને મારિયા બાદ વધુ એક નેટે વાવાઝોડું આવ્યું
- મધ્ય અમેરિકામાં આવેલ આ વાવાઝોડાના લીધે ૨૨ થી વધુ મોત નિપજ્યા તથા ૨૦ લોકો લાપતા થયા.
- નેટે મેક્સિકો અને અમેરિકાના કાંઠા વિસ્તારના રાજ્યો તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.
- વાવાઝોડાની ઝડપ – ૧૪૦ કિ.મી. પ્રતિ કલાક

પ્રશ્નો :

૧ રાજ્યનું પ્રથમ ફિટનેસ સેન્ટર ક્યા શરૂ કરવામાં આવ્યું ?
- સુરત

૨ સુરત પહેલા રાજ્યમાં કયાં સ્થળે વાહન ફિટનેસ સેન્ટર કાર્યરત હતું?
- એકપણ નહીં

૩ ઓક્ટોબર, ૨૦૧૭માં મધ્ય એમેરિકામાં કયું વાવઝોડું આવ્યું ?
- નેટે

૪ સુરતમાં શરૂ થયેલ વાહન ફિટનેસ સેન્ટર દેશનું કેટલામું ફિટનેસ સેન્ટર છે ?
- ૧૦ મું

## 8.October. 2017

### (૧) એરફોર્સ ડે.

- દેશના ૮૫માં એરફોર્સ ડે ની ઉજવણી ગાઝીયાબાદના હિંડન એરબેઝ ખાતે થઇ.
- ભારતીય વાયુદળના એરચીફ માર્શલ : બી.એસ. ધનોઆ

### (૨) કુંદન શાહ :

- બોલીવુડના જાણીતા લેખક – દિગ્દર્શક કુંદન શાહનું હ્રદયરોગના હુમલાથી અવસાન.
- ૧૯ ઓક્ટોબર, ૧૯૪૭માં જન્મેલા કુંદન શાહે પૂણે ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કર્યો હતો.
- ૧૯૮૩માં 'જાને ભી દો યારો' તેમની પ્રથમ ફિલ્મ હતી જેમાં નસીરૂદ્દીન શાહ, સતીષ શાહ કલાકારોએ અભિનય કર્યો હતો.
- આ ફિલ્મ બદલ તેમનું નેશનલ એવોર્ડથી સન્માન કરાયું હતું.
- તેમની અન્ય પ્રખ્યાત ફિલ્મો :
  યે જો હૈ જિંદગી, નુક્કડ, વાગલે કી દુનિયા, કભી હા કભી ના

### (૩) સિમોના હાલેપ : ટેનિસ :

- રોમાનિયાની ટેનિસ સ્ટાર સિમોના હાલેપ મહિલા સિંગલ્સની નવી નંબર વન ખેલાડી બની.
- WTA રેન્કિંગમાં નંબર વન બનનાર વિશ્વની ૨૫ મી અને રોમાનિયાની પ્રથમ ખેલાડી બની.

Vivekanand Academy Gandhinagar

- ૨૦૧૭માં તે જર્મનીની એન્જલિકા કાર્બેર, અમેરિકાની સેરેના વિલિયમ્સ, ચેક ગણરાજ્યની કેરોલિના પ્લિસ્કોવા અને સ્પેનની ગાર્બાઇન મુગુરુઝા બાદ પ્રથમ ક્રમાંક મેળવનાર પાંચમી ખેલાડી બની.
- બેઇઝીંગમાં ચાલી રહેલી બેઇંજીગ ઓપનની સેમીફાઇનલમાં વિજેતા થતાં તે નંબર વન બની હતી.

**પ્રશ્નો :**

૧ ૮ ઓક્ટોબરે કયો રાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- એરફોર્સ ડે

૨ ૮૫માં એરફોર્સ ડે ની ઉજવણી કયાં થઇ ?
- હિંડન એરબેસ, ગાઝિયાબાદ

૩ તાજેતરમાં બોલીવુડના કયાં લેખક – દિગ્દર્શકનું અવાસન થયું ?
- કુંદન શાહ

૪ કુંદન શાહની પ્રથમ ફિલ્મ કઇ હતી ?
- જાની ભી દો યારો

૫ કુંદન શાહની કઇ ફિલ્મ બદલ નેશનલ એવોર્ડથી સન્માનીત કરાયા હતા ?
- જાને ભી દો યારો

૬ વર્ષ ૨૦૧૭માં મહિલા સિંગલ્સની નંબર વન ખેલાડી કોણ બની ?
- સિમોના હાલેપ

## 9.October. 2017

**(૧) વિશ્વ ટપાલ દિવસ :**

**(૨) અજિતેશ સંધુ : ગોલ્ફ**

- ભારતીય ગોલ્ફર અજિતેશ સંધુએ તાઇપેમાં ચિંગડેર ટૂર્નામેન્ટ પ્લેયર્સ ચેમ્પિયનશીપ જીતી.
- અજિતેશનું આ પ્રથમ એશિયન ટાઇટલ હતું.
- ગગનજીત ભુલ્લર બાદ સંધુ બીજો ભારતીય છે જેણે ચિંગડેર ટુર્નામેન્ટ જીતી છે.
- સંધુને ૯૦૦૦ એમરિકન ડોલર ઇનામી રકમ મળશે
- હવે સંધુને એશિયન ટૂરમાં બે વર્ષ સુધી ક્વોલીફાઇ કરવામાં છૂટ મળી છે.

**(૩) બેઇજીંગ ઓપન : ટેનિસ**

- વિજેતા : કેરોલિન ગાર્સિયા : ફ્રાન્સ
- રનર્સ અપ : સિમોના હાલેપ, રોમાનિયા
- ગાર્બિયાએ એક અઠવાડિયા પેલા વુહાન ઓપનનું ટાઇટલ જીત્યું હતું
- આમ, ચીનમાં બે અઠવાડીયામાં વુહાન અને બેઇઝીંગ ઓપનનું ટાઇટલ જીતનાર પ્રથમ ખેલાડી બની હતી.
- કેરોલીન ગાર્સિયાની આ સતત ૧૧ મી જીત હતી.
- પુરૂષ વિભાગમાં વિજેતા : રફેલ નડાલ, સ્પેન
- રનર્સ અપ : નીક, કિર્ગિયોસન, ઓસ્ટ્રેલિયન
- ચાલુ વર્ષ નદાલનું આ છઠ્ઠું ટાઇટલ હતું.

**(૪) જાપાન ગ્રાં.પ્રિક્સ એફ–૧ રેસ :**

- બ્રિટનના મર્સિડિઝના ડ્રાઇવર લુઇસ હેમિલ્ટને જાપાન ગ્રાં. પ્રિક્સ એફ–૧ રેસ જીતી લીધી.

**(૫) વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસ :**

**રાજકોટ :**

- રાજકોટ – અમદાવાદ હાઇવે ઉપર કુવાડવા નજીક હિરાસર ગામ નજીક રાજ્યનું સૌથી માટું ગ્રીનફિલ્ડ એરપાર્ટનું ભૂમિપૂજન જેનો અંદાજીત ખર્ચ – ૧૪૦૫ કરોડ રૂા.
- ૧૦૨૫ હેક્ટર જમીનમાં આકાર લઇ રહેલા આ એરપાર્ટનો રન–વે ૩૦૪૦ મીટર લાંબો અને ૪૫ મીટર પહોળો હશે.
- એરપાર્ટમાં સી કેટેગરીના વિશાળ પ્લેન ઉતરી શકશે.
- પેસેન્જર ટર્મિનલ સાથે આધુનિક લોન્જ પણ બનાવવામાં આવશે.
- એરપોર્ટથી નેશનલ હાઇવે સુધી સિક્સલેન રોડ બનાવાશે.
- વાર્ષિક સંચાલન ક્ષમતા : ૨.૩ મિલિયન મુસાફરો
- ગુજરાત સરકાર અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયાના સંયુક્ત ઉપક્રમે આયોજન.
- સૌર ઉર્જાનો મહત્તમ ઉપયોગ કરાશે.
- ૧૨૫ કાર, ૫૦ ટેક્સી, ૫ કોચ અને ૬ VIP પાર્કિંગની ક્ષમતા

**દ્વારકા :**

- કેબલ સ્ટેડ સિગ્નેચર બીજનું ભૂમિપૂજન :
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૧ ઉપર ઓખા અને બેટદ્વારકાને જોડતા સમુદ્ર ઉપર ૪.૫૬ કિ.મી. લંબાઇના ચાર માર્ગીય કેબલ સ્ટેડ સિગ્નેચર બ્રિજનું ભૂમિપૂજન.
- અંદાજીત ખર્ચ રૂા. ૯૬૨.૪૩ કરોડ જે ૩૦ મહિનામાં તૈયાર થશે.
- આ બ્રિજની બંને તરફ ભગવાન શ્રીકૃષ્ણના ફોટોગ્રાફ્સ અને શ્લોકો મુકાશે.
- બ્રિજની પહોળાઇ – ૨૭.૨૦ મીટર
- આ ઉપરાંત વડાપ્રધાનશ્રીએ દેશની પ્રથમ મરીન રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારકામાં બનશે તેવી જાહેરાત પણ કરી હતી.

**ભરૂચ :**

- અંત્યોદય એક્સપ્રેસ :
- સરળ રેલ જોડાણ ની નવી પહેલ
- વડાપ્રધાનશ્રી દ્વારા ભરૂચથી વિડિયો લિંક દ્વારા સુરતથી જયનગર (મધુબની– બિહાર) ને જોડતી નવી ટ્રેન અંત્યોદય એક્સપ્રેસનું પ્રસ્થાન
- અંત્યોદય એક્સપ્રેસની વિશેષતા
- તમામ અનારક્ષિત / જનરલ કોચ
- મોબાઇલ અને લેપટોપ માટે ચાર્જીંગ પોર્ટ
- વોટર વેન્ડીંગ મીશનો અને બ્રેઇલ ઇન્ડીકેટર્સ વગેરે
- બાયો શૈચાલય
- સ્મોક એલાર્મ અને સીસીટીવી કેમેરા સાથેની સલામતી સુવિધા
- વિનાઇલ શીટસના ઉપયોગ સાથેના આકર્ષક ડબ્બાઓ
- રેલવે મંત્રી – ભારત સરકાર : પીયુષ ગોયલ

Vivekanand Academy Gandhinagar

- આ ઉપરાંત નર્મદા નદી ઉપર ભાડભૂત બેરેજનો શિલાન્યાસ
- ખર્ચ : રૂા. ૪૩૩૭ કરોડ
- લંબાઇ : ૧.૬૬૩ કિ.મી.
- ભાડભૂત બેરેજ બાંધી મીઠા પાણીના જળાશય નિર્માણ માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

**વડનગર :**

- વડાપ્રધાનશ્રીએ પોતાના વતન વડનગર ખાતે જી.એમ.આઇ. આર.એસ. મેડિકલ કોલેજ તથા હિંમતનગર હોસ્પિટલ રાષ્ટ્રને અર્પણ કરી.
- તથા મીશન ઇન્દ્રધનુષ હેઠળ બાળકોનું રસીકરણ કરાયું
- આ ઝુંબેશ હેઠળ પસંદિત રાજ્યોના ૧૭૩ જિલ્લા અને ૧૭ શહેરીક્ષેત્ર સામેલ કરવામાં આવશે.

**4 NH પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ :**

(૧) ગડું –પોરબંદર સેક્શનનું ર/૪ લેનીંગ
ખર્ચ – રૂા. ૩૭૦ કરોડ
નેશનલ હાઇવે નં. – ૫૧
લંબાઇ – ૯૩.૫૬ કિ.મી.

(૨) પોરબંદર – દ્વારકા સેક્શનનું ૪ લેનીંગ
ખર્ચ – રૂા. ૧૬૦૦ કરોડ
નેશનલ હાઇવે નં. ૫૧
લંબાઇ – ૧૧૬.૨૪ કિ.મી.

(૩) અમદાવાદ– રાજકોટ સેક્શનનું ૬ લેનીંગ
ખર્ચ – રૂા. ૨૮૯૩ કરોડ
નેશનલ હાઇવે નં. ૨૭
લંબાઇ – ૨૦૧.૩૦ કિ.મી.

(૪) રાજકોટ – મોરબી સેક્શનનું ૪ લેનીંગ
ખર્ચ – રૂા. ૩૭૫ કરોડ
લંબાઇ – ૬૪.૮૫ કિ.મી.

**ગાંધીનગર :**

- ગાંધીનગર આઇઆઇટી
- ગાંધીનગર ખાતે નવનિર્મિત આઇઆઇટી ભવનનું લોકાર્પણ કરાયું.
- ૨૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા
- ભારત સરકાર દ્વારા રૂા. ૧૭૧૬ કરોડનું રોકાણ
- દેશનું પ્રથમ એવું કેમ્પસ કે જેને GRIHA LD કેટેગરીમાં રેટીંગમાં ફાઇવ સ્ટાર રેટીંગ મળ્યું.
- વર્ષ ૨૦૧૬માં HUDCO ડિઝાઇન એવોર્ડ ગ્રીન બિલ્ડીંગ્સ માટે મળ્યો.
- ૭૫% ફેકલ્ટી વિદેશથી તાલીમબદ્ધ હશે અને ૪૦% વિદ્યાર્થીઓ આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવશે.
- એક સંશોધન પાર્ક બનાવવામાં આવશે જેના દ્વારા સ્ટાર્ટઅપ યોજનાને પ્રોત્સાહન આપવામાં આવશે.
- માનવસંશાધન મંત્રી– પ્રકાશ જાવડેકર :

**પ્રધાનમંત્રી ગ્રામિણ ડિજિટલ સાક્ષરતા અભિયાન (PMGDISHA) :**

- ૭ ઓક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે યોજનાનો શુભારંભ :
- ગ્રામ્ય વિસ્તારમાં વસતા ૬ કરોડ ભારતીયોને ડિજિટલ સાક્ષરતાનો લાભ મળશે.
- લોકોને માહિતી, જ્ઞાન, શિક્ષણ, આરોગ્યને લગતું શિક્ષણ અને જીવન જરૂરીયાત બાબતો માટે માહિતી પુરી પાડવામાં આવશે.
- ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા નાણાકિય બાબતોમાં સમાવેશ કરવામાં આવશે.
- સ્ત્રીસશક્તિકરણ અને ડિપ્રેસ ક્લાસને ડિજિટલ યુગમાં સમાવિષ્ટ કરવામાં આવશે.

પ્રશ્નો :

૧ ૯ ઓક્ટોબરે કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વિશ્વ ટપાલ દિવસ

૨ અજિતેશ સંધુ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- ગોલ્ફ

૩ અજિતેશ સંધુએ તાજેતરમાં કઇ ચેમ્પિયનશીપ જીતી ?
- યિંગડેર ટૂર્નામેન્ટ, તાઇપેઇ

૪ બેઇજીંગ ઓપન– ટેનિસ ટૂર્નામેન્ટ વિજેતા ?
- કેરોલિયા ગાર્સીયા

૫ બેઇજીંગ ઓપન– ટેનિસ પુરૂષ વિભાગમાં વિજેતા ?
- રફેલ નદાલ

૬ જાપાન ગ્રાં. પ્રિક્સ એફ–૧ રેસ વિજેતા ?
- લુઇસ હેમિલ્ટન

## 10.October. 2017

**(૧) વૈશ્વિક માનસિક સ્વાસ્થય દિવસ**

**(૨) મિસ વ્હિલચેર વર્લ્ડ :**

- પોલેન્ડની રાજધાની વાર્સોમાં સૌપ્રથમ મિસ વ્હિલચેર વર્લ્ડ કોમ્પિટિશન યોજાઇ.
- આ કોમ્પિટિશનમાં બેલારુસની એલેક્ઝાન્ડ્રા ચિચિકોવા વિજેતા બની હતી.
- કોમ્પિટિશનના આયોજન ઓન્લી વન ફાઉન્ડેશનના મત મુજબ શારીરિક રીતે અક્ષમ લોકો પ્રત્યે આપણો વ્યવહાર બદલવાનો એક પ્રયાસ છે.

**(૩) ઇન્દ્રા – ૨૦૧૭**

- ભારત– રશિયા વચ્ચે સંયુક્ત યુદ્ધાભ્યાસ
- ૧૯ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન ૧૧ દિવસ આયોજન.
- આ યુદ્ધ અભ્યાસમાં ભારતના ત્રણેય પાંખના ૮૮૦ સૈનિકો તથા રશિયાના ૧૦૦૦ સૈનિકો ભાગ લેશે.
- રશિયા ખાતે યોજાશે.
- ભારત– રશિયા વચ્ચે ૨૦૦૩ થી યુધ્ધાભ્યાસ થાય છે પરંતુ પ્રથમ વખત ત્રણેય પાંખ ભાગ લેશે.

**(૪) નોબલ પ્રાઇઝ : ૨૦૧૭**

- વર્ષ ૨૦૧૭ના નોબલ પ્રાઇઝની જાહેરાત કરવામાં આવી.
- જે આગામી ૧૦ નવેમ્બરે એનાયત થશે.
- તમામ નોબલ પુરસ્કારથી સન્માનીત થનાર અને તેમનું ક્ષેત્ર નીચે મુજબ છે.

Vivekanand Academy Gandhinagar

**મેડિસિન ક્ષેત્રથી વર્ષ ૨૦૧૭ના નોબલ પુરસ્કારનો પ્રારંભ :**

(૧) મેડિસિન (તબિબી)

- અમેરિકન મૂળના ત્રણ વૈજ્ઞાનિકોને વર્ષ ૨૦૧૭નો નોબલ પ્રાઇઝ એનાયત થશે.
  (૧) જેફરી હોલ(૨) માઇકલ રોસબાશ
  (૩) માઇકલ યંગ
- માનવ શરીરની આંતરીક ઘડિયાળ કઇ રીતે કામ કરે છે. તે સંશોધન બદલ તેમને સન્માનીત કરાશે.
- એ ઘડીયાળને બાયોલોજીકલ ક્લોક કહેવામાં આવે છે.
- આ ત્રણેય સંશોધકોને નોબલ સર્ટિફિકેટ, મેડલ અને ૧૧ લાખ ડોલરની રકમ એનાયત થશે જે ત્રણેય વચ્ચે સરખા ભાગે વહેંચાશે

**(૨) ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર)**

- એક જર્મની તથા બે અમેરિકન વૈજ્ઞાનિકોને આ વર્ષનો ફિઝિક્સનો નોબલ પ્રાઇઝ એનાયત થશે.
  (૧) રાયનર વીસ – જર્મની
  (૨) બૈરી સી. બૈરિશ – અમેરિકા
  (૩) કિપ. એસ. થોર્ન – અમેરિકા
- બ્લેક હોલના મર્જર વખતે ફિઝિક્સમાં ગુરૂત્વાકર્ષણના તરંગો પર વિશેષ સંશોધન કરવા માટે એનાયત થશે.
- તેમને ૧૧ લાખ ડોલરની રકમ મળશે જેમાથી અડધી રકમ રાયનર વીસને તથા બાકીની અડધી રકમમાંથી બે સરખા ભાગ બૈરીશ તથા કીપ એસ થોર્ન ને અપાશે.

(૩) કેમિસ્ટ્રી (રસાયણશાસ્ત્ર)

- ત્રણ દેશોના ત્રણ સંશોધકોને સંયુક્ત રીતે કેમિસ્ટ્રીનું નોબેલ પ્રાઇઝ એનાયત થશે.
  (૧) રિચાર્ડ એન્ડરસન – સ્કોટલેન્ડ
  (૨) યોઆકિમ ફ્રેન્ક – જર્મની
  (૩) જેક ડબુશેટ – સ્વિત્ઝરલેન્ડ
- શરીરના શુક્ષ્મભાગ સુધી પહોંચવાની પદ્ધતિની શોધ માટે તેમને નોબેલ પ્રાઇઝથી સન્માનીત કરાશે.
- આ પદ્ધતિનું વૈજ્ઞાનિક નામ ક્રાયરો – ઇલેક્ટ્રોનિક માઇક્રોસ્કોપી છે.
- અત્યાર સુધી જે કોષ ઉત્પાદીત કરતા તત્વો (બાયોમોલેક્યુલ) ની થ્રીડી તસવીર શક્ય ન હતી જે હવે શક્ય બનશે.

**સાહિત્ય :**

- જાપાની મૂળના બ્રિટિશ લેખક કાજુઓ ઇશિગુરોને વર્ષ ૨૦૧૭ માટે સાહિત્યનો નોબલ પુરસ્કાર આપવામાં આવશે.
- તેમની ખૂબ જ ભાવુક નવલકથાઓની રચના બદલ આ સન્માનથી સન્માનીત કરવામાં આવશે.
- તેમનો જન્મ ૮ નવેમ્બર, ૧૯૫૪ માં જાપાનના નાગાસાકી શહેરમાં થયો હતો.
- તેમના નામે આઠ નવલકથા, ચાર ફિલ્મોના સ્ક્રિન પ્લે અને બીજા લખાણો બોલે છે.
- 'ધ રિમેઇન્સ ઓફ ધ ડે' નવલકથા માટે તેમને મેન બુકર પ્રાઇઝથી સન્માનીત કરાયા હતા.
- તેમની પ્રખ્યાત નવલકથા : 'નેવર લેટ મી ગો'
  'અ એપ વ્યૂ ઓફ હિલ્સ'
  'એન આર્ટિસ્ટ ઓફ ધ ફ્લેમિંગ વર્લ્ડ'

**(૫) શાંતીનું નોબલ પ્રાઇઝ :**

- 'ઇન્ટરનેશનલ કેમ્પેઇન ટુ એબોલિશ ન્યુક્લિયર વેપન્સ' સંસ્થાને આ વર્ષનું શાંતીનું નોબલ પ્રાઇઝ મળશે.
- આ સંસ્થા વિશ્વમાં પરમાણું હથિયારોના ખાત્મા માટે કામ કરે છે.
- ICAAની ૧૦૧ દેશોમાં ૪૬૮ જેટલી સહયોગી સંસ્થાઓ છે.
- તેની શરૂઆત ઓસ્ટ્રેલિયામાં થઇ હતી અને સત્તાવાર રીતે વર્ષ ૨૦૦૭માં વિયેનામાં થઇ હતી.

**(૬) અર્થશાસ્ત્ર :**

- અમેરિકી અર્થશાસ્ત્રી રિચર્ડ એચ. થૈલરને ૨૦૧૭ માટે ઇકોનોમીક્સ સાયન્સનો નોબેલ પ્રાઇઝ એનાયત થશે.
- અર્થતંત્રના મનોવિજ્ઞાનની સમજણ પર રિચર્ડ થૈલરે કરેલા રિસર્ચ બદલ તેમને નોબલ પ્રાઇઝ એનાયત કરાશે.
- ડૉ. થૈલર યુનિ.ઓફ શિકાગોમાં પ્રોફેસર છે.
- ઇનામની રકમ ૯૦ લાખ સ્વિડીશ ક્રોનર એટલે કે આશરે ૭.૨૫ કરોડ રૂપિયા આપવામાં આવશે.
- થૈલરની 'નજ ઇકોનોમીક્સ' નામની થીયરી ખુબ જ પ્રચલીત થઇ હતી.

પ્રશ્નો :

૧ ૧૦ ઓક્ટોબરના રોજ કયો દિવસ મનાવાય છે ?
- વૈશ્વિક માનસિક સ્વાસ્થય દિવસ

૨ મિસ વ્હિલચેર વર્લ્ડ કયાં સ્થળે યોજાઇ હતી ?
- વોર્સો, પોલેન્ડ

૩ મિસ વ્હિલચેર વર્લ્ડ વિજેતા ?
- એલેક્ઝાન્ડ્રાર ચિચિકોવા

૪ ઇન્દ્રા યુધ્ધાભ્યાસ કયાં બે રાષ્ટ્ર વચ્ચે યોજાય છે ?
- ભારત– રશિયા

નોબલ પ્રાઇઝ, ૨૦૧૭ માટે નીચેના પ્રશ્નોના જવાબ :

૫ શાંતીનું નોબલ પ્રાઇઝ ?
- ઇન્ટરનેશનલ કેમ્પેઇન ટુ એબોલિશ ન્યૂક્લિયર વેપન્સ

૬ જાપાની મૂળના કાજુઓ ઇશિગુરોને કયાં ક્ષેત્રમાં નોબલ પ્રાઇઝ મળ્યું ?
- સાહિત્ય

૭ ડૉ. રિચર્ડ એચ. થૈલરને તેની કઇ થિયરી બદલ અર્થશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ મળ્યું ?
- નજ ઇકોનોમીક્સ

૮ મેડિસિન ક્ષેત્રે અમેરિકન મૂળના વૈજ્ઞાનિકોને કયાં સંશોધન બદલ નોબલ પ્રાઇઝ મળ્યું ?
- માનવ શરીરની આંતરીક ઘડિયાળ કઇ રીતે કામ કરે છે

Vivekanand Academy Gandhinagar

## 11.October. 2017

**(૧) આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ :**

- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૧૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ મનાવવામાં આવે છે.
- યુ.એન. દ્વારા આ ઉજવણીની શરૂઆત વર્ષ ૨૦૧૨ થી કરવામાં આવી હતી.
- ભારત સરકાર આ અંતર્ગત ૯ ઓક્ટોબર થી ૧૪ ઓક્ટોબર દરમિયાન 'બેટી બચાવો, બેટી પઢાઓ' સપ્તાહ પણ ઉજવશે.
- જેમા જિલ્લા / બ્લોક /ગ્રામપંચાયત કક્ષાએ હસ્તાક્ષર / રાજ્ય બોર્ડ, પ્રભાત ફેરી તથા વિવિધ કાર્યક્રમો યોજાશે.
- ૧૬૧ બેટી બચાવો, બેટી પઢાઓ જીલ્લાઓમાં સકારત્મક પરિણામ
- જન્મ પર લિંગ અનુપાત ૧૦૪ જિલ્લા પ્રતિ – ૧૦૦૦ બાળકોની સરખામણી ૦–૬ વર્ષની ઉમરવાળા
- પહેલા ત્રિમાસીક એએનસી રજીસ્ટ્રેશન – ૧૧૯ જિલ્લા
- સંસ્થાગત પ્રસવ – ૧૪૬ જિલ્લા

**(૨) રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ :**

- ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ભારતના વિવિધ સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવા ૧૦–૧૩ ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય સંસ્કૃતિક મહોત્સવનું આયોજન.
- જેમાં પારંપરિક, લોક અને આદિવાસી કલાપ્રદર્શન થશે.
- ગુજરાતના અલગ – અલગ ચાર શહેરમાં કાર્યક્રમનું આયોજન.

  ૧૦ ઓક્ટોબર : વડોદરા
  ૧૧ ઓક્ટોબર – રાજકોટ
  ૧૨ ઓક્ટોબર – સોમનાથ
  ૧૩ ઓક્ટોબર – દ્વારકા
- આ કાર્યક્રમનું વિવિધ રાજ્યોના લોકનૃત્યોની ઝાંખી થશે જે નીચે મુજબ છે.
  - ગુજરાત – કચ્છી ભજન, મેર રાસ, સિદી ધમાલ
  - છત્તિસગઢ – કર્મા અને સૈલા
  - પશ્ચિમ બંગાળ – નટુઆ
  - જમ્મુ કાશ્મીર – રૌફ
  - મણિપુર – સ્ટીક / પોન્ગ કોલમ
  - કર્ણાટક : પુજા કુનિયા
  - ઓડિશા : ગોટીપુઆ
  - ઉત્તર પ્રદેશ : મયુર

**(3) ભારતની સૌપ્રથમ બાળ એમ્બ્યુલન્સ – જૂનાગઢ :**

- જૂનાગઢમાં દેશની સૌ પ્રથમ બાળ એમ્બ્યુલન્સનું લોકાર્પણ થયું.
- જન્મ સમયે નબળુ શરીર ધરાવતા બાળકોને કાચની પેટીમાં રાખવા પડે છે. તથા સારવાર માટે મોટા શહેરોના દવાખાનામાં લઇ જવા પડે છે.
- આવા સમયે આ બાળ એમ્બ્યુલન્સ ખૂબ જ ઉપયોગી નીવડશે.
- આઇસીયુ, ઘોડિયુ સહીતની અદ્યતન સુવિધા હશે.
- જૂનાગઢની સર્વોદય બ્લડબેંક દ્વારા પૂ. મોરારીબાપુના હસ્તે આ એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરાયું.

**(૪) મધુ વલ્લી – મિસ ઇન્ડિયા વર્લ્ડ વાઇડ :**

- ભારતીય મૂળની મધુ વલ્લી મિસ વર્લ્ડ વાઇડ બની.
- ૧૮ દેશોની યુવતીઓને હરાવી તેને વર્ષ ૨૦૧૭નો આ ખીતાબ જીત્યો.
- મધુ વલ્લી જ્યોર્જ મેસન યુનિ. માં કાયદાની વિદ્યાર્થીની છે.

પ્રશ્નો :

૧ આંતરરાષ્ટ્રીય બાલિક દિવસ ક્યારે મનાવાય છે ?
– ૧૧ ઓક્ટોબર

૨ કયાં વર્ષથી યુ.એન. દ્વારા આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી થાય છે ?
– ૨૦૧૨

૩ ભારત સરકાર કઇ તારીખ દરમિયાન 'બેટી બચાવો, બેટી પઢાઓ' સપ્તાહ ઉજવશે ?
– ૯ થી ૧૪ ઓક્ટોબર

૪ રાષ્ટ્રીય સંસ્કૃતિ મહોત્સવ ક્યારે યોજાશે ?
– ૧૦–૧૩ ઓક્ટોબર

૫ કર્મા અને સૈલા કયાં રાજ્યના નૃત્ય છે ?
– છત્તીસગઢ

૬ પુજા કુનિયા કયા રાજયને પ્રસ્તુત કરે છે ?
– કર્ણાટક

૭ ગોટીપુઆ કયાં રાજયને પ્રસ્તુત કરે છે ?
– ઓડીશા

૮ ભારતની સૌપ્રથમ બાળએમ્બ્યુલન્સ કયાં શરૂ થઇ ?
– જૂનાગઢ

૯ મિસ ઇન્ડિયા વર્લ્ડ વાઇડ વિજેતા ?
– મધુ વલ્લી

## 12.October. 2017

**(૧) બેસ્ટ ટુરીઝમ સ્ટેટ એવોર્ડ :**

- મધ્યપ્રદેશ પર્યટનને દિલ્હી ખાતે હોલ ઓફ ફેમ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યું.
- મધ્યપ્રદેશ દેશનું પ્રથમ રાજ્ય બન્યુ જેને સતત 3 વર્ષ બેસ્ટ ટુરિઝમ સ્ટેટનો એવોર્ડ મળ્યો.
- પર્યટન મંત્રાલય દ્વારા આ વર્ષ હોલ ઓફ ફેમ એવોર્ડની શરૂઆત કરાઇ.
- આ એવોર્ડ સતત ત્રણ વર્ષ સુધી એક જ કેટેગરીમાં રાષ્ટ્રીય પર્યટન પુરસ્કાર મેળવનાર રાજ્ય, સંગઠન અને એજન્સીને અપાય છે.
- મધ્યપ્રદેશ દ્વારા છેલ્લા 3 વર્ષ સુધી બેસ્ટ ટુરીઝમ સ્ટેટનો એવોર્ડ મેળવવા બદલ હોલ ઓફ ફેમથી સન્માનીત કરાયું.
- રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ રૂપે ટ્રોફી અને પ્રશસ્તિપત્ર દ્વારા સન્માન કરાયું.
- આ વર્ષ મધ્યપ્રદેશ પર્યટનને ૧૦ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યું.

**(૨) ગરીબ કલ્યાણ મેળો :**

Vivekanand Academy Gandhinagar

- રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળામાં ૧૦ માં તબક્કાનું આયોજન ૧૨, ૧૩ અને ૧૪ ઓક્ટોબર દરમિયાન ૩૩ જિલ્લાઓમાં ૩૯ ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે.
- ગરીબ લાભાર્થીઓને એક જ દિવસે એક જ સ્થળે યોજનાકીય લાભ આપવાનું આયોજન
- સ્વરોજગાર માટે જુદી જુદી ટુલકીટ- સાધનોની સહાય

**(૩) અનુપમ ખેર :**

- અનુપમ ખેરને ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ (FTII) ના નવા ચેરમેન બનાવાયા છે.
- તેઓ ગજેન્દ્ર ચૌહાણનું સ્થાન લેશે.
- ગજેન્દ્ર ચૌહાણ ૨૦૧૫માં FTIIના ચેરમેન બન્યા હતા.
- વિખ્યાત ફિલ્મ નિર્દેશક વી. શાંતારામે પૂણે ખાતે 'પ્રભાત' ફિલ્મ સ્ટુડીયો બનાવ્યો હતો.
- વર્ષો પછી ભારતના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ આજ જગ્યાએ ફિલ્મ ઇન્સ્ટિટ્યુટની સ્થાપના કરી.

પ્રશ્નો :

૧ ભારત સરકાર દ્વારા બેસ્ટ ટુરિઝમ સ્ટેટ એવોર્ડ કયા રાજ્યને અપાયો ?
- મધ્યપ્રદેશ

૨ પર્યટન મંત્રાલય દ્વારા સતત ત્રણ વર્ષ સુધી એક જ કેટેગરીમાં એવોર્ડ મેળવવા બદલ આ વર્ષે કયાં એવોર્ડની જાહેરાત કરી ?
- હોલ ઓફ ફેમ એવોર્ડ

૩ રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળો ક્યારે યોજાયો ?
- ૧૨-૧૪ ઓક્ટોબર

૪ કેટલામાં તબક્કાનો ગરિબ કલ્યાણ મેળો હશે ?
- ૧૦ માં તબક્કાનો

૫ FIII ના નવા અધ્યક્ષ કોને બનાવવામાં આવ્યા ?
- અનુપમ ખેર

૬ FIII કયાં આવેલું છે ?
- પૂણે

૭ FIIIહાલમાં પૂણેમાં જે જગ્યા પર છે તે જગ્યા પર અગાઉ કયો સ્ટુડીયો હતો ?
- પ્રભાત

૮ FIII નું પુરૂં નામ લખો
- ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા.

## 13.October. 2017

**(૧) હિમાચલ પ્રદેશમાં ચૂંટણી જાહેર :**

- ચૂંટણીપંચ દ્વારા હિમાચલ પ્રદેશમાં ચૂંટણી જાહેર કરાઇ
- કુલ બેઠક – ૬૮
- એક જ તબક્કામાં ૯ નવેમ્બરના રોજ વિધાનસભા ચૂંટણી તથા ૧૮ ડિસેમ્બરના રોજ પરિણામ
- મુખ્ય ચૂંટણી કમિશનર – એ.કે. જ્યોતિ

**(૨) ભારતીય ફૂટબોલ ટીમ એશિયન કપ માટે ક્વોલીફાય :**

- ભારતીય ફુટબોલ ટીમે શાનદાર પ્રદર્શન કરતા મકાઉને ૪-૧ થી પરાજય આપતા એશિયન કપ માટે ક્વોલિફાય કર્યું.
- આ સાથે ભારત આઠ વર્ષમાં પ્રથમ વખત એશિયન કપમાં ભાગ લેશે.
- વર્ષ ૨૦૧૯માં યુએઇ ખાતે એશિયન કપ યોજાશે. જેમાં એશિયાની ટોંચની ટીમો વચ્ચે મુકાબલો યોજાશે.
- ભારતીય ફુટબોલ ટીમ કોચ – સ્ટીફન કોન્સ્ટેન્ટાઇન
- કેપ્ટન : સુનીલ છેત્રી

**(૩) આયર્લેન્ડ – અફઘાનિસ્તાનને ટેસ્ટનો દરજ્જો :**

- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે આયર્લેન્ડ તેમજ અફઘાનિસ્તાનને ક્રિકેટ રમવા માટેનો દરજ્જો આપી દીધો છે.
- આયર્લેન્ડ તેની સૌ પ્રથમ ટેસ્ટમેચ પાકિસ્તાન સામે રમશે જે મે-૨૦૧૮માં આયર્લેન્ડમાં યોજાશે.

પ્રશ્નો :

૧ હિમાચલ પ્રદેશમાં કેટલી સીટ માટે વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાશે ?
- ૬૮

૨ મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે ?
- એ.કે. જ્યોતિ

૩ ઓક્ટોબર, ૨૦૧૭માં ભારતીય ફુટબોલ ટીમે કઇ ટીમને પરાજય આપી એશિયન કપ માટે ક્વોલિફાય કર્યું ?
- મકાઉ

૪ ૨૦૧૯માં એશિયન કપ કયાં યોજાશે ?
- યુએઇ

૫ ભારત ફૂટબોલ ટીમ કેપ્ટન ?
- સુનીલ છેત્રી

૬ આઇસીસી દ્વારા કયાં બે દેશને ટેસ્ટક્રિકેટનો દરજ્જો મળ્યો ?
- આયર્લેન્ડ, અફઘાનિસ્તાન

૭ આયર્લેન્ડ તેની પ્રથમ ટેસ્ટ કયાં દેશ સામે રમશે ?
- પાકિસ્તાન

## 14.October. 2017

**(૧) ગ્લોબલ હંગર ઇન્ડેક્સ – ૨૦૧૭ :**

- વોશિંગ્ટન સ્થિત ઇન્ટરનેશનલ ફુડ પોલીસી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા દર વર્ષે ગ્લોબલ હંગર ઇન્ડેક્સ બહાર પડાઇ છે.
- ૨૦૧૭ ના ઇન્ડેક્સમાં ભારત ૧૧૯ દેશોમાંથી ૧૦૦ માં ક્રમે છે.
- આ યાદીમાં જે દેશો પાછળ હોય તેની સ્થિતિ ગંભીર રીતે ખરાબ ગણાય છે.
- ભારત કરતા વધારે ભૂખમરો ભોગવતા માત્ર ૧૯ દેશો જ છે.
- ગયા વર્ષે આ ઇન્ડેક્સમાં ભારત ૯૭માં સ્થાને હતું.
- આ યાદી મુજબ સૌથી ઓછો ભૂખમરો ધરાવતા દેશો :

ક્રમ નામ

Vivekanand Academy Gandhinagar

૧ બેલારૂસ
૨ બોસ્નિયા- હર્ઝગોવાનિયા
૩ ચીલી
૪ ક્રોએશિયા
૫ ક્યુબા

- તથા સૌથી વધારે ભૂખમરો ધરાવતા દેશો

| ક્રમ | નામ |
|---|---|
| ૧૧૯ | સેન્ટ્રલ આફ્રિકન રિપલબ્લિકન |
| ૧૧૮ | ચાડ |
| ૧૧૭ | સીએરા લિયોન |
| ૧૧૬ | માડાગાસ્કર |
| ૧૧૫ | ઝામ્બિયા |

**(૨) અમેરીકા – ઇઝરાયલ યુનેસ્કોમાંથી આઉટ :**

- અમેરિકા અને તેના મિત્ર દેશ ઇઝરાયલ સંયુક્ત રાષ્ટ્રના સાંસ્કૃતિક અને શિક્ષણ સંગઠન યુનેસ્કોને છોડી રહ્યાં છે.
- વોશિંગ્ટન ખાતે અમેરિકી વિદેશ મંત્રાલયના પ્રવક્તા હીધર નૌરેતે જાહેરાત કરી હતી કે યુનેસ્કો ઇઝરાયલ વિરૂદ્ધ પૂર્વગ્રહ રાખી રહ્યું છે તેથી આ નિર્ણય લેવાયો છે.
- અમેરીકા આ પહેલા ૧૯૮૪માં પણ ૧૯૫ સભ્યોના બનેલા આ સંગઠનને ત્યજી ગયું હતું.
- તે વખતે અમેરિકન પ્રમુખ રોનાલ્ડ રેગન હતા.
- તે પછી ૨૦૦૨માં જ્યોર્જ બુશના શાસનકાળમાં ફરી જોડાયું હતું.
- સંયુક્ત રાષ્ટ્રનું કોઈપણ સંગઠન પેલેસ્ટાઇનને માન્યતા આપે તેનો અમેરીકા દ્વારા વિરોધ થતો હોય છે.

**(૩) વન–ડે ની જેમ હવે ટેસ્ટક્રિકેટ વર્લ્ડ કપ :**

- ટેસ્ટ ક્રિકેટમાં પણ હવે વર્લ્ડ ચેમ્પિયનશીપ યોજાશે.
- આગામી ૨૦૧૯ના વન–ડે વર્લ્ડકપ બાદ પ્રથમ ટેસ્ટ ચેમ્પિયનશીપનું આયોજન થશે.
- ૨૦૧૯માં ટેસ્ટ રેન્કિંગ ટોચની નવ ટીમો ભાગ લેશે.
- બધી ટીમો બે વર્ષમાં ૩–૩ સિરિઝ રમશે જેમાં તરણ ઘરેલું તથા ત્રણ વિદેશની ધરતી પર હશે.
- એપ્રિલ ૨૦૨૧ માં ઇંગ્લેન્ડ ખાતે ફાઇનલ મેચ રમાશે.
- આ ઉપરાંત વન–ડે લીગ પણ યોજાશે જેમા ૧૩ ટીમો ભાગ લેશે.
- આ લીગના આધારે ૨૦૨૩ વર્લ્ડકપ માટે ટીમ ક્વોલીફાય પણ કરશે.
- ૨૦૨૦ – ૨૧ સત્રથી પ્રથમ વન–ડે લીગ યોજાશે જે બે વર્ષની હશે અને દરેક ટીમ આ સમય ગાળા દરમિયાન આઠ–આઠ સીરીઝ રમશે.
- જેમા ચારઘરેલું તથા ચાર વિદેશ ધરતી પર રમાશે.
- આઇસીસી દ્વારા ટેસ્ટમેચમાં પાંચ દિવસના બદલે ચાર દિવસીય ટેસ્ટમેચને પણ મંજુરી આપી છે.
- આઇસીસીના ચેરમેન – શશાંક મનોહર

પ્રશ્નો :

૧ ટેસ્ટક્રિકેટ વર્લ્ડકપનું આયોજન ક્યાં સમયગાળામાં થશે ?
– ૨૦૧૯–૨૦૨૧
૨ ટેસ્ટ ક્રિકેટ વર્લ્ડકપની ફાઇનલ મેચ ક્યાં યોજાશે ?
– ઇંગ્લેન્ડ, ૨૦૨૧
૩ ટેસ્ટ ક્રિકેટ વર્લ્ડકપમાં ટોંચની કેટલી ટીમ ભાગ લઇ શકશે ?
– નવ
૪ પ્રથમ વન–ડે લીગનું આયોજન ક્યારે થશે ?
– ૨૦૨૦–૨૧
૫ ગ્લોબલ હંગર ઇન્ડેક્સ – ૨૦૧૭માં ભારતનો ક્રમ ?
– ૧૦૦
૬ ગ્લોબલ હંગર ઇન્ડેક્સ– ૨૦૧૭– મુજબ દુનિયામાં સૌથી ઓછો ભૂખમરો ક્યાં છે ?
– બેલારૂસ
૭ ગ્લોબલ હંગર ઇન્ડેક્સ– ૨૦૧૭મુજબ દુનિયામાં સૌથી વધારે ભૂખમરો ક્યાં છે ?
– સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિકન
૮ તાજેતરમાં ક્યાં બે રાષ્ટ્રએ સંયુક્ત રાષ્ટ્રના સાંસ્કૃતિક અને શિક્ષણ સંગઠનને છોડવાની જાહેરાત કરી ?
– અમેરિકા, ઇઝરાયલ

## 15.October. 2017

**(૧) દેશની ૨૦ યુનિવર્સિટી વિશ્વકક્ષાની બનશે.**

- બિહારમાં પટના યુનિવર્સિટીના શતાબ્દી સમારોહની ઉજવણીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી હાજર રહ્યા હતા.
- આ સમારોહમાં વડાપ્રધાનશ્રીએ દેશની ૨૦ યુનિવર્સિટીને વિશ્વકક્ષાની બનાવવાની જાહેરાત કરી.
- જેમાં ૧૦ ખાનગી અને ૧૦ સરકારી યુનિવર્સિટી પસંદ કરવામાં આવશે.
- આ માટે રૂા. ૧૦૦૦૦ કરોડ સહાય પણ આપવામાં આવશે.
- ૫ વર્ષમાં આ રકમ વપરાશે.

**(૨) યુનેસ્કોના નવા વડા :**

- ફ્રાંસના પૂર્વ સાંસ્કૃતિક મંત્રી એડ્રે એજોલેની સંયુક્ત રાષ્ટ્રની સાંસ્કૃતિક શાખાના આગામી નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી.
- તેમણે કતારના ઉમેદવાર હામિદ બિન અબ્દુલ અઝીઝ અલ કાવારીને ૨૮ વિરૂદ્ધ ૩૦ મતોથી હરાવ્યા હતા.
- એજોલે બલ્ગેરીયાની ઇરિના બોકોવાનું સ્થાન લેશે.
- ઇરિના આઠ વર્ષ સુધી યુનેસ્કોની મહાનિર્દેશક રહી છે.

**(૩) શાકિબ – અલ હસન : ક્રિકેટર**

- બાંગ્લાદેશના સ્ટાર ઓલરાઉન્ડર શાકિબ અલ હસનને એમસીસી વર્લ્ડ ક્રિકેટ કમિટીમાં સામેલ કરાયાં.

Vivekanand Academy Gandhinagar

- શાકિબ એમસીસી વર્લ્ડ ક્રિકેટ કમિટીમાં સામેલ થનાર પ્રથમ બાંગ્લાદેશી ક્રિકેટર બન્યો.
- ઇંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન માઇક ગેટિંગ આ કમિટીના અધ્યક્ષ છે.
- માઇક ગેટીંગ માઇક બ્રેયરલીનું સ્થાન લેશે.
- શાકીબ ઉપરાંત સૂઝી બેટ્સ, ઇયાન બિશન અને કુમાર ધર્મસેનાને પણ કમિટીમાં સામેલ કરાયા છે.

**(૪) ઇન્દિરા ગાંધી એકતા પુરસ્કાર :**

- કર્ણાટક શૈલીના પ્રસિદ્ધ સંગીતકાર ટી.એમ. કૃષ્ણાને ૩૦ મો ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય એકતા પુરસ્કાર અપાશે.
- ૩૧ ઓક્ટોબર ઇન્દિરા ગાંધીની પુણ્યતિથિએ તેમને આ પુરસ્કાર એનાયત થશે.
- પુરસ્કાર હેઠળ રૂા. ૧૦ લાખ અને પ્રશસ્તિપત્ર મળશે.

**(૫) વસીમ અહમદ શાહ – આતંકવાદી :**

- સુરક્ષાદળ દ્વારા લશ્કર– એ – તોયબાના જિલ્લા કમાન્ડર વસીમ શાહને ઠાર કરાયો.
- જમ્મુ કાશ્મીરના પુલવામાં જિલ્લાના લિટર ગામ ખાતે વસીમ શાહ તથા તેનો સાથી નાસિર એહમદ મીર ઠાર મરાયા.
- ડોન ઓફ હેકુ તરીકે કુખ્યાત વસીમ શાહ પર રૂા. ૧૦ લાખનું ઇનામ જાહેર કરાયું હતું.
- સેનાના ૧૨ મોસ્ટ વોન્ટેડ આતંકીઓમાં વસીમ શાહનો સમાવેશ હતો.

**(૬) સેફ સિટી ઇન્ડેક્સ : ૨૦૧૭ :**

- ધ ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ દ્વારા વિશ્વના સૌથી સુરક્ષિત ૬૦ શહેરનો ઇન્ડેક્સ જાહરી કરાયો.
- આ યાદી મુજબ જાપાનની રાજધાની ટોક્યો દુનિયાનું સૌથી સુરક્ષીત શહેર જાહેર થયું.
- જ્યારે સિંગાપોર અને ઓસાકા (જાપાન) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાન પર હતા.
- સૌથી ઓછા સુરક્ષીત શહેરમાં કરાંચી (પાકિસ્તાન) યાંગોન (મ્યાનમાર) અને ઢાંકા (બાંગ્લાદેશ)ને સ્થાન અપાયું છે.
- ભારતના દિલ્હી અને મુંબઇ અનુક્રમે ૪૩માં અને ૪૫માં ક્રમે છે.

પ્રશ્નો :

૧ ઇન્દિરા ગાંધી એકતા પુરસ્કારમાં કેટલી ઇનામી રાશી આપવામાં આવે છે ?
- રૂા. ૧૦ લાખ.

૨ ૩૦ મો ઇન્દિરા ગાંધી એકતા પુરસ્કાર કોને અપાશે ?
- ટી.એમ. કૃષ્ણા

૩ તાજેતરમાં સુરક્ષાદળ દ્વારા લશ્કર– એ – તોયબાના કયાં જિલ્લા કમાન્ડરને ઠાર કરાયો ?
- વસીમ અહમદ શાહ

૪ સેફ સીટી ઇન્ડેક્સ – ૨૦૧૭ મુજબ દુનિયાના સૌથી સુરક્ષિત ૬૦ શહેરોમાં પ્રથમ ક્રમે કયું શહેર છે ?
- ટોક્યો, જાપાન

૫ દુનિયાનું સૌથી અસુરક્ષિત શહેર ?
- કરાંચી, પાકિસ્તાન (૬૦ મો ક્રમ)

૬ સેફ સિટી ઇન્ડેક્સ– ૨૦૧૭માં ભારતના દિલ્હી અને મુંબઇને કયો ક્રમ મળ્યો ?
- ૪૩–અને ૪૫

૭ તાજેતરમાં વડાપ્રધાનશ્રી દ્વારા દેશની કેટલી યુનિવર્સિટીને વિશ્વકક્ષાની બનાવવાની જાહેરાત કરાઇ ?
- ૨૦

૮ કેન્દ્ર સરકાર ૨૦ વિશ્વકક્ષાની યુનિવર્સિટી બનાવવા કેટલું ભંડોળ આપશે ?
- રૂા. ૧૦૦૦૦ કરોડ

૯ યુનેસ્કોના નવા વડા ?
- એડ્રે એજોલે

૧૦ બાંગ્લાદેશના કયાં ક્રિકેટરનો એમસીસી વર્લ્ડ ક્રિકેટ કમિટીમાં સમાવેશ થયો ?
- શાકિબ–અલ– હસન

## 16.October. 2017

**(૧) વર્લ્ડ ફુડ ડે :**

**(૨) શાંઘાઇ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટ :**

- વિજેતા – રોજર ફેડરર, સ્વિત્ઝર્લેન્ડર
- રનર્સ અપ – રફેલ નડાલ, સ્પેન
- 'સ્વિસ એક્સપ્રેસ' તરીકે જાણીતા રોજર ફેડરરનું કારકીર્દિનું આ ૯૪મું એટીપી ટાઇટલ હતું.
- ૨૦૧૭ સિઝનમાં આ તેનું છઠ્ઠું ટાઇટલ હતું.

**(૩) મારીયા શારાપોવા – ટેનિસ :**

- ડોપીંગમાં સંડોવણીના કારણે રશિયન ટેનિસ ખેલાડી મારીયા શારાપોવા પર ૧૫ માહિના સુધી પ્રતિબંધ રહ્યો.
- ૨૦૧૬માં મેલ્ડોનિયમ ડ્રગ્સનું સેવન કર્યા બાદ શારાપોવાને ઓસ્ટ્રેલિયન ઓપનથી સસ્પેન્ડ કરવામાં આવી હતી.
- તે પ્રતિબંધ બાદ ચાલુ વર્ષના એપ્રિલ માસમાં ફરી ટેનિસ કોર્ટ પર પરત ફરી હતી.
- તાજેતરમાં તિયાનજીન ઓપન ડબલ્યુટીએ ટેનિસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનતા પ્રતિબંધ બાદ તેનું પ્રથમ ટાઇટલ બન્યું.
- આ ટૂર્નામેન્ટમાં ફાઇનલમાં તેણે બેલારુસની આર્યના સાબાલેન્કોને પરાજય આપ્યો હતો.
- પ્રતિબંધ પહેલા તેણે મે–૨૦૧૫માં ઇટાલીયન ઓપનનું ટાઇટલ જીત્યું હતું.

**(૪) સોમાલીયામાં ટ્રકબોંબ વિસ્ફોટ :**

- આતંકવાદ અને ગૃહયુદ્ધમાં સપડાયેલા સોમાલીયાની રાજધાની મોગાદિશુમાં બે ટ્રકબોંબ વિસ્ફોટમાં ૧૮૯ લોકોના મોત નિપજ્યા તથા ૨૦૦ થી વધારે લોકો ઘાયલ થયા.
- આ ઘટનાના લીધે ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરાયો.
- સોમાલિયા રાષ્ટ્રપતિ : મોહમ્મદ અબ્દુલ્લાહી મોહમ્મદ

પ્રશ્ન :

Vivekanand Academy Gandhinagar

૧ ૧૬ ઓક્ટોબરના રોજ ક્યો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
– વર્લ્ડ ફુડ ડે
૨ શાંઘાઇ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેનટ વિજેતા ?
– રોજર ફેડરર
૩ ક્યો ટેનિસ ખેલાડી ‘સ્વિસ એક્સપ્રેસ’ ના નામથી ઓળખાય છે ?
– રોજર ફેડરર
૪ રશિયાની કઇ મહિલા ખેલાડી પર ડોપીંગ મુદ્દે ૧૫ મહિના સુધી પ્રતિબંધ લાદી દેવાયો હતો ?
– મારીયા શારાપોવા.
૫ પ્રતિબંધ બાદ શારાપોવાનું પ્રથમ ટાઇટલ જણાવો.
– તિયાનજીન ઓપન ડબલ્યુટીએ ટેનિસ ટૂર્નામેન્ટ.
૬ ઓક્ટોબર ૨૦૧૭માં ક્યાં રાષ્ટ્રમાં ટ્રકબોંબ વિસ્ફોટ થયા ?
– સોમાલીયા.
૭ સોમાલીયાની રાજધાની જણાવો.
– મોગાદિશુ.

## 17.October. 2017

**(૧) વરૂણ ધવન : અભિનેતા :**

– હોંગકોંગના મેડમ તુષાદ મ્યુઝિયમમાં યુવા અભિનેતા વરૂણ ધવનનું મીણનું પુતળું મુકાશે.
– તેની જુડવા ફિલ્મની સફળતા બાદ આ જાહેરાત થઇ
– હોંગકોંગના મ્યુઝિયમમાં મહાત્મા ગાંધી, નરેન્દ્ર મોદી અને અમિતાભ બચ્ચન એમ ત્રણ ભારતીયોના સ્ટેચ્યુ મુકાયા છે
– વરૂણ ચોથો ભારતીય બનશે જેનું પુતળુ હોંગકોંગ મ્યુઝિયમમાં મુકાશે

**(૨) ‘બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ’ – હેમા માલિની બાયોગ્રાફી :**

– ૧૬ ઓક્ટોબર, ૨૦૧૭ના રોજ બોલીવુડની સદાબહાર અભિનેત્રી હેમામાલીનીએ ૬૯માં જન્મદિનની ઉજવણી કરી.
– આ સાથે ભારતીય સીનેમા સાથેના એના ૫૦ વર્ષ પૂર્ણ થયા.
– તેમના જન્મદિવસે જ તેમની બાયોગ્રાફી ‘બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ’ લોન્ચ કરવામાં આવી.
– પત્રકાર રામ કમલ મુખરજીએ આ બાયોગ્રાફી લખી છે.
– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પુસ્તક માટે પ્રસ્તાવના તરીકે યાદગાર શબ્દો લખ્યા છે.
– વર્ષ ૧૯૬૮માં ફિલ્મ ‘સૌદાગર’ થી બોલીવુડમાં પદાર્પણ કર્યું હતું.
– હેમામાલીની ભારતનાટ્યમની તાલીમ પ્રાપ્ત નૃત્યાંગના છે. તથા હાલમાં ભાજપની સંસદ સભ્ય છે.

**(3) સ્પેન, પોર્ટુગલના જંગલોમાં આગ :**

– સ્પેન અને પોર્ટુગલના જંગલોમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું.
– આગમાં અત્યાર સુધીમાં ૩૫ થી વધુ લોકોના મૃત્યુ થયા
– હાલ સ્પેન, આયર્લેન્ડ, ઝોઇડો, પોર્ટુગલ વગેરેમાં ઓફેલીયા નામનું વાવાઝોડું તારાજી સર્જી રહ્યું છે.
– આ વિસ્તારમાં ૯૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. જેના લીધે આગ ઝડપથી ફેલાય છે.

**(૪) ફિફા રેન્કિંગ :**

– તાજેતરમાં જાહેર થયેલ ફિફા રેન્કિંગમાં ભારત ૧૦૫માં ક્રમે પહોંચી ગયું છે.
– ‘બ્લુ ટાઇગર્સ’ તરીકે ગણાતી ભારતીય ટીમ ગયા મહિને ૧૦૭માં ક્રમે હતી.
– ભારતીય ફુટબોલ ટીમે ૨૦૧૯માં રમાનારા એએફસી એશિયન કપ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે.
– એશિયન ફુટબોલ ફેડરેશન દેશોમાં ભારત ૧૪માં ક્રમે છે.

પ્રશ્ન :

૧ કયાં ભારતીયનું હોંગકોંગ મેડમ તુષાદ મ્યુઝિયમમાં મીણનું પુતળુ મુકવામાં આવશે.
– વરૂણ ધવન
૨ ‘બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ’ કોની બાયોગ્રાફી છે ?
– હેમા માલીની
૩ ‘બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ’ કોના લંબાઇ છે ?
– રામ કમલ મુખરજી
૪ હેમા માલીનીએ કઇ ફિલ્મથી બોલીવુડમાં પદાર્પણ કર્યું હતું ?
– સૌદાગર
૫ કયાં વાવાઝોડાના લીધે સ્પેન, પોર્ટુગલના જંગલોમાં આગ ઝડપથી ફેલાય છે ?
– ઓફેલીયા
૬ ઓક્ટોબર, ૨૦૧૭ મુજબ ફીફા રેન્કિંગમાં ભારતીય ટીમનું સ્થાન ?
– ૧૦૫મું

## 18.October. 2017

**(૧) આંબરડી સફારી પાર્ક – અમરેલી :**

– મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે અમરેલી જિલ્લાના ધારી તાલુકાના આંબરડી ખાતે સિંહદર્શન માટે સફારી પાર્કનો શુભારંભ થયો.
– મુખ્યમંત્રીએ એક સિંહ, બે સિંહણ અને એક પાઠડાને પાર્ક વિહરતા કરી ધનતેરસના દિવસે ઉદ્‌ઘાટન કર્યું.
– આ પાર્ક માટે વડાપ્રધાન કરી નરેન્દ્ર મોદી દ્વારા ૧૦૦૦ એકર જમીનની ત્વરિત ફાળવણી કરવામાં આવી છે.
– શેંત્રુજી નદીના કાંઠે બનાવવામાં આવેલ ભારતના આ વિશાળ પાર્કનો ખર્ચ રૂા. ૧૩ કરોડ થયો.
– સિંહદર્શન માટે આવતા પ્રવાસીઓ માટે જુદા જુદા –૧૭ રૂટ
– પાર્કમાં દર મંગળવારે રજા રહેશે.

Vivekanand Academy Gandhinagar

– સોમવાર થી શુક્રવાર દરમિયાન ટિકિટનો દર રૂા. ૧૫૦ તથા શનિવાર– રવિવારે ટિકિટનો દર રૂા. ૧૯૦ રાખવામાં આવ્યો છે.

**(૨) ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ :**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી ખાતે દેશના સૌપ્રથમ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદનું ઉદ્‌ઘાટન કર્યું.

– એઇમ્સની જેમ આયુર્વેદ સંસ્થાનું નિર્માણ કરાયું જે ૧૦ એકરમાં બન્યું છે. તથા પહેલા ફેઝમાં રૂા. ૧૫૭ કરોડનો ખર્ચ થયો છે.

– તથા તેના બીજા ફેઝ માટે રૂા. ૨૦૦ કરોડ મંજુર

– આ સંસ્થામાં ૩૫ ફેકલ્ટી છે તથા પીજીની ૫૬ સીટ છે.

– પેથોલોજી અને રેડીયોલોજી જેવી આધુનિક ઇલાજની પણ સુવિધા

– ક્લિનિકલ શોધ માટે ૨૦૦ બેડની રેફરલ હોસ્પિટલ

**(૩) જસ્ટિન ટ્રુડો : કેનેડા પી.એમ. :**

– કેનેડાના યુવા પી.એમ. જસ્ટિન ટ્રુડોએ ભારતીય સમુદાય સાથે દિવાળીની ઉજવણી કરી.

– તેમણે ભારતીય પોષાક પહેરી ઉજવણી કરી હતી.

– કેનેડામાં કુલ વસતિ ૩ કરોડ ૬૬ લાખની છે જેમાં ૧૦ લાખથી વધુ ભારતીયો છે.

**(૪) રાજકીય પક્ષોની સંપતિ :**

– તાજેતરમાં એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ (ADR) દ્વારા રાજકીય પક્ષોની સંપતિ જાહેર કરવામાં આવી.

– આ રીપોર્ટ અનુસાર સત્તાધારી ભારતીય જનતા પાર્ટી દેશની સૌથી શ્રીમંત પાર્ટી છે.

– રિપોર્ટ અનુસાર ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી સંપત્તિનું કુલ મુલ્ય ૮૯૩.૮૮ કરોડ રૂા. છે.

– વિપક્ષ પાર્ટી કોંગ્રેસ ૭૫૮.૭૯ કરોડ રૂા. ની સંપતિ સાથે બીજા ક્રમે તથા માયાવતીની બહુજન સમાજ પાર્ટી ૫૫૭ કરોડ રૂપિયાની સંપતિ સાથે ત્રીજા ક્રમે છે.

– દેશના મુખ્ય સાત રાજકીય પક્ષોના આર્થિક આકડા જાહેર કરતાં આ રિપોર્ટમાં પાર્ટીની સંપતિ ૧૧ વર્ષમાં અનેકગણો વધારો થયો છે.

– ઇન્કમ ટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ – ૧૩ (એ) અનુસાર રાજકીય પક્ષોને તેમની આવકની જાણકારી આપવા અંગે છૂટ આપવાની જોગવાઇ છે.

– આ આવકમાં આવાસ સંપતિ, અન્ય સ્રોતો, કેપિટલ ગેઇન અને કોઇ વ્યક્તિ દ્વારા સ્વૈચ્છીક રીતે આપવામાં આવેલા ફાળાની રકમનો સમાવેશ કરવામાં આવ્યો છે.

– રાજકીય પક્ષોએ દર વર્ષે ફાળા સ્વરૂપે મળેલી ૨૦ હજાર રૂપિયાથી વધારે રકમની જાણકારી ચૂંટણીપંચને આપવાની ફરજીયાત છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં સિંહ દર્શન માટે રાજ્યમાં કયાં પાર્કનો શુભારંભ થયો ?

– આંબરડી સફારી પાર્ક

૨ આંબરડી સફારી પાર્ક કયાં જિલ્લામાં આવેલું છે ?

– અમરેલી

૩ કઇ નદીના કાંઠે આંબરડી સફારી પાર્ક બનાવવામાં આવ્યો છે ?

– શેત્રુંજી

૪ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયાં સ્થળે દેશના સૌપ્રથમ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદનું ઉદ્‌ઘાટન કર્યું ?

– દિલ્હી

૫ કેનેડાના પી.એમ.નું નામ જણાવો.

– જસ્ટિન ટ્રુડો

## 19.October. 2017

**(૧) મેન બુકર એવોર્ડ – ૨૦૧૭ :**

– અમેરિકી લેખક જ્યોર્જ સોન્ડર્સને વર્ષ ૨૦૧૭ માટે મેન બુકર પ્રાઇઝ એનાયત થયો.

– આ પુરસ્કાર જીતનારા તેઓ બીજા એમરિકી લેખક છે.

– તેમને આ સન્માન તેમની નવલકથા 'લિંકન ઇન ધ બાર્દો' માટે આપવામાં આવશે.

– આ પુસ્તકમાં અબ્રાહમ લિંકનના ૧૧ વર્ષના સંતાન વિલીના મૃત્યુની વાત છે.

**(૨) ઇજ્જતઘર – શૌચાલય :**

– કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના સ્વચ્છ ભારત અંતર્ગત બની રહેલા શૌચાલયોનું નામ બદલીને ઇજ્જતદાર રખાઇ શકે છે.

– તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીની મુલાકાત વખતે શૌચાલયનું ઉદ્‌ઘાટન કર્યું ત્યારે તે શૌચાલયને ઇજ્જતદાર નામ આપવામાં આવ્યું હતું.

– શૌચાલયને ઇજ્જતઘર જેવું નામ આપવા બદલ તેમણે રાજ્ય સરકારને અભિનંદન આપ્યા હતા તથા તેમણે તમામ રાજ્ય સરકારોને ભલામણ કરી કે શૌચાલયને ઇજ્જતઘર કહેવામાં આવે.

**(૩) અયોધ્યામાં દિવાળીની ઉજવણી :**

– ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અયોધ્યામાં સરયુ નદીના કાંઠે દિવાળીને ધામધૂમથી ઉજવણી કરી.

– અયોધ્યાના સરયૂ તટના ત્રણ કિમી વિસ્તારમાં ૧,૮૭,૨૧૩ દિવડા પ્રગટાવ્યા.

– પ્રત્યેક દિવડામાં ૫૦ ગ્રામ તલનું તેલ પુરવામાં આવ્યું હતું.

– તથા રામલીલાના મહત્વના પાત્રો પુરા પોષાકમાં સરકારી હેલીકોપ્ટરમાં સરયૂ નદીતટે ઉતર્યા હતા.

**(૪) ગાંધીજીના જીવન તથા સંઘર્ષ પર દક્ષિણ આફ્રિકામાં મ્યુઝિયમ :**

– દિવાળીના પૂર્વ સંધ્યાએ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના જીવન અને સંઘર્ષ પર મ્યુઝિયમનો શુભારંભ કરાયો છે.

– આ મ્યુઝિયમ જે જમીન પર બનાવાયું છે તેને ગાંધીજીએ ૧૮૯૭માં તેમના દ.આફ્રિકા પ્રવાસ દરમિયાન ખરીદી હતી.

Vivekanand Academy Gandhinagar

– વિદેશ રાજ્યમંત્રી વી.કે. સિંહે તેનો શુભારંભ કર્યો .

(૫) **મા વાત્સલ્ય કાર્ડની આવક મર્યાદામાં વધારો :**

– ગુજરાત સરકારે લાખો ગરીબો અને મધ્યમ વર્ગના પરિવારોને ધ્યાનમાં રાખીને મા વાત્સલ્ય કાર્ડ કઢાવવા માટેની આવક મર્યાદા ૧.૫૦ લાખ થી વધારીને ૨.૫૦ લાખ કરી દેવાઇ.

– ગંભીર બીમારીઓમાં મોંઘી સારવારમાં ગરીબ મધ્યમવર્ગને ફાયદો થાય તે માટે મા વાત્સલ્ય યોજના અમલી બનાવી છે.

– આ યોજના અંતર્ગત રૂા. ૨ લાખની કેશલેસ સારવાર અપાય છે.

પ્રશ્નો :

૧ મેન બુકર પ્રાઇઝ – ૨૦૧૭ વિજેતા ?

– જ્યોર્જ સોન્ડર્સ

૨ જ્યોર્જ સોન્ડર્સને તેમની કઇ નવલકથા માટે મેન બુકર એવોર્ડ આપવામાં આવશે ?

– લિંકન ઇન ધ બાર્ડો

૩ વડાપ્રધાનશ્રી દ્વારા તમામ રાજ્યને શૌચાલયને ક્યું નામ આપવા અનુરોધ કર્યો ?

– ઇજ્જતઘર

૪ અયોધ્યામાં કઈ નદીના કિનારે ૧,૮૭,૨૧૩ દિવડા પ્રગટાવી દિવાળીની ઉજવણી થઈ ?

– સરયૂ

૫ ક્યાં રાષ્ટ્રમાં ગાંધીજીના જીવન તથા સંઘર્ષ પર મ્યુઝિયમનો શુભારંભ થયો ?

– દક્ષિણ આફ્રીકા

૬ મા વાત્સલ્ય કાર્ડની આવક મર્યાદામાં કેટલી કરવામાં આવી ?

– ૨.૫૦ લાખ

૭ મા વાત્સલ્ય યોજના અંતર્ગત કેટલા રૂપિયાની કેશલેશ સારવાર મળે છે ?

– રૂા. બે લાખ

## 20.October. 2017

(૧) **વડાપ્રધાનશ્રીએ જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી.**

– વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળીની ઉજવણી સરહદ પર જવાનો સાથે કરવાની પરંપરા જાળવી રાખી.

– જમ્મુ કાશ્મીરમાં એલઓસી પરના ગુરેજ સેક્ટર ખાતે તહેનાત ૧૫ મી કોપર્સના જવાનો સાથે ઉજવણી કરી.

– ગુરેજ સેક્ટર બાંદીપોરા જિલ્લામાં આવેલું છે.

– સેના અધ્યક્ષ : બિપિન રાવત

– કેન્દ્રિય સંરક્ષણમંત્રી નિર્મલા સિતારમને આંદામાન–નિકોબાર ખાતે સેનાની ત્રણેય પાંખોના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

પ્રશ્નો :

૧ વડાપ્રધાનશ્રીએ દિવાળીની ઉજવણી ક્યાં કરી ?

– જમ્મુ કાશ્મિરમાં એલઓસી પરના ગુરેજ સેક્ટર ખાતે – સૈનિકો સાથે

૨ ભારતીય સેના અધ્યક્ષ કોણ છે ?

– બિપિન રાવત

૩ કેન્દ્રિય સંરક્ષણમંત્રી કોણ છે ?

– નિર્મલા સિતારમન

૪ નિર્મલા સિતારમને ક્યાં સ્થળે સેનાની ત્રણેય પાંખો સાથે દિવાળીની ઉજવણી કરી હતી ?

– આંદમાન– નિકોબાર

## 23.October. 2017

(૧) **ટોપ યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ :**

– ભારતીય મૂળની અમેરિકન બાળકી ગીતાંજલી રાવને અમેરિકાનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થયો.

– ગીતાંજલી માત્ર ૧૧ વર્ષની છે.

– તેણે એક સાધાન બનાવ્યું છે જે નેનો ટ્યુબની મદદથી પાણીમાં રહેલું સીસાનું ઘાતક પ્રદુષણ શોધી શકે છે.

– એવોર્ડમાં સર્ટિફિકેટ અને ૨૫ હજાર ડોલરની રકમ મળી છે.

– અમેરિકા દર વર્ષે બાળકોમાં રહેલી સંશોધનવૃત્તિને ઉત્તેજન આપવા માટે આ એવોર્ડ આપે છે.

– આખા દેશમાં ૩ બાળકોની પસંદગી કરવામાં આવે છે. જેમાં ગીતાંજલીનો સમાવેશ છે.

(૨) **કિદામ્બી શ્રીકાંત : બેડમિન્ટન :**

– ભારતીય બેડમિન્ટન સ્ટાર કિદામ્બી શ્રીકાંતને ડેનમાર્ક ઓપન સુપર સિરિઝનું ટાઇટલ જીતી લીધું

– ફાઇનલમાં તેણે સાઉથ કોરિયાના લી હ્યુન– ટુને પરાજય આપ્યો હતો.

– ઇનામી રકમ– ૭.૫ લાખ ડોલર

(૩) **ગગનજીત ભુલ્લર – ગોલ્ફ :**

– ભારતીય ગોલ્ફર ગગનજીત ભુલ્લરે મકાઉ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશીપ જીતી લીધી.

– વર્ષ ૨૦૧૨માં પણ ભૂલ્લરે આ ટ્રોફી જીતી હતી.

– ઇનામી રકમ – ૫ લાખ ડોલર

(૪) **મેન્સ હોકી એશિયા કપ :**

– મલેશિયાને ૨–૧ થી હરાવી ભારત મેન્સ હોકી એશિયા કપમાં ચેમ્પિયન

– આ સાથે ૧૦ વર્ષ બાદ ભારત હોકી એશિયા કપમાં ચેમ્પિયન બન્યું.

– ભારતનું આ ત્રીજું એશિયા કપ ટાઇટલ છે.

– આ પહેલા ૨૦૦૩માં પાકિસ્તાનને હરાવી તથા ૨૦૦૭માં કોરિયાને હરાવી વિજેતા બન્યું હતું.

– ભારત તરફથી રમનદીપ સિંઘ તથા લલીત કુમાર ઉપાધ્યાયે ગોલ ફટકાર્યા હતા.

– ભારત કેપ્ટન : મનપ્રીત સિંઘ

– બાંગ્લાદેશના ઢાંકા ખાતે ફાઇનલમેચ યોજાઇ હતી.

(૫) **વિરાટ કોહલી : ક્રિકેટ**

– ભારતીય ક્રિકેટ ટીમના ત્રણેય ફોર્મેટના કેપ્ટન વિરાટ કોહલી કારકીર્દિની ૨૦૦ મી વન–ડે રમી.

– ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ આ મેચમાં ૧૨૧ રન ફટકાર્યા હતા.

Vivekanand Academy Gandhinagar

– કારકીર્દિની ૨૦૦મી વન–ડેમાં કોઇપણ બેટ્સમેનની આ સૌથી મોટી ઇનિંગ છે.
– ૧ વર્ષમાં ભારતીય સુકાની તરીકે હાઇએસ્ટ રનનો રેકોર્ડ પણ કોહલીના નામ પર છે.
– તેણે ચાલુ વર્ષે ૨૪ મેચમાં ૧૩૧૮ રન બનાવ્યા છે.

પ્રશ્નો :

૧ અમેરિકાનો પ્રતિષ્ઠિત ટોપ યંગ સાયન્ટિસ્ટ એવોર્ડ કોને અપાયો ?
– ગીતાંજલી રાવ
૨ ડેનમાર્ક ઓપન બેડમિન્ટન સુપર સિરિઝ ટાઇટલ વિજેતા ?
– કિદામ્બી શ્રીકાંત, ભારત
૩ ડેનમાર્ક ઓપનમાં ફાઇનલમાં શ્રીકાંતે કોને પરાજય આપ્યો હતો ?
– લી હ્યુન દુ – સાઉથ કોરિયા
૪ ગગનજીત ભૂલ્લર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– ગોલ્ફ
૫ ઓક્ટોબર, ૨૦૧૭માં ગગનજીત ભૂલ્લરે કઇ ચેમ્પિયનશીપ જીતી ?
– મકાઉ ઓપન
૬ મેન્સ હોકી એશિયા કપ વિજેતા ટીમ ?
– ભારત
૭ ભારતે કેટલામું હોકી એશિયા કપ ટાઇટલ જીત્યું ?
– ત્રીજું
૮ હોકી એશિયા કપમાં ભારતે ફાઇનલમાં કોને પરાજય આપ્યો ?
– મલેશિયા
૯ મેન્સ હોકી એશિયા કપની ફાઇનલ કયાં રમાઇ હતી ?
– ઢાંકા, બાંગ્લાદેશ
૧૦ ભારતીય હોકી ટીમ કેપ્ટન ?
– મનપ્રિત સિંઘ
૧૧ વિરાટ કોહલીએ તેની ૨૦૦ મી વનડે મેચ કોની સામે રમી ?
– ન્યૂઝીલેન્ડ
૧૨ કારકીર્દિની ૨૦૦ મી વન–ડેમાં કોઇપણ બેટ્સમેનની સર્વાધીક ઇનિંગ કયાં ક્રિકેટરે રમી ?
– વિરાટ કોહલી, ૧૨૧ રન

## 24.October. 2017

**૧) વિક્રમ સવંત : ૨૦૭૪નું વર્ષ : સૌમ્ય**

– વિક્રમ સવંત ૨૦૭૩ના વર્ષની વિદાય થઇ અને ૨૦૭૪ના વર્ષનો પ્રારંભ થયો.
– વિક્રમ સવંત કે શાલીવાહન સવંતમાં પ્રત્યેક વર્ષનું નામ હોય છે.
– નામોની સંખ્યા ૬૦ જ છે. એટલે ૬૦ વર્ષનું એક વર્તુળ પુરૂ થાય એટલે પુન: બીજું વર્તુળ પ્રથમ નામથી શરૂ થાય છે.
– હિન્દુશાસ્ત્રો – પંચાગો મુજબ ચાન્દ્ર વર્ષના જે ૬૦ નામો છે તેમાં પ્રથમ નામ પ્રભવ છે.
– તથા આખરી ૬૦મું નામ ક્ષય છે.
– ૨૦૭૩નું વર્ષ વિદાય થયું તેનું નામ કીલક હતું.
– ૨૦૭૪નું વર્ષ આવ્યું તેનું નામ સૌમ્ય છે.
– જ્યારે શાલીવાહન સવંતનું નામ હેમલંબી છે.
– ૬૦ નામોમાં વિરોધી, વિકૃતિ, ખર, દુર્મુખ, ક્રોધી, રાક્ષસ, તથા આનંદ, વિજય, જય, શુભક્ત, પાર્થિવ, નંદન, સાધારણ, સિદ્ધાર્થ પીંગલ જેવા નામો છે.
– ગુજરાતમાં વિક્રમ સંવત ગણાય છે.જેનો પ્રારંભ કારતક (કાર્તિક) થી થાય છે તથા છેલ્લો માસ આસો (અશ્વિન) છે.
– દેશમાં શાલિવાહન શક– સવંત પણ મનાવાય છે. જેનો આરંભ ચૈત્ર માસથી થાય છે.

**(૨) UN સ્થાપના દિવસ :**

– ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થઇ હતી.
– ભારત શરૂઆતથી જ તેનું સમય દેશ છે.
– હાલમાં ૧૯૩ દેશો યુ.એન.ના સભ્ય છે.
– છેલ્લે ૨૦૧૧માં દક્ષિણ સુદાન સામેલ થયું હતું.
– યુ.એન.ની સત્તાવાર ૬ ભાષા છે.
– અંગ્રેજી, ફ્રેચ, રશિયન, ચીની, અરબી, સ્પેનીશ. તેનું હેડક્વાટર અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં છે.

**(૩) મેલબોર્ન મર્સર ગ્લોબલ પેન્શન ઇન્ડેક્સ – ૨૦૧૭**

– મર્સર પેન્શન ઇન્ડેક્સમાં ૩૦ દેશોમાં ભારતને ૨૮મું સ્થાન મળ્યું છે.
– આ વર્ષે ભારતને ૪૪.૯ પોઇન્ટ મળ્યા છે.
– ૨૦૧૬માં ૨૭ દેશના ઇન્ડેક્સમાં ભારતને ૨૪મું સ્થાન મળ્યું હતું.
– ડેનમાર્ક સતત છઠ્ઠા વર્ષે ટોંચ પર છે.
– મર્સરના ઇન્ડેક્સનું આ નવમું વર્ષ છે.

**(૪) સિતાંષુ યશચંદ્ર :**

– ગુજરાતી સાહિત્ય પરીષદના પ્રમુખ પદે ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર અને સૌરાષ્ટ્ર યુનિના પૂર્વ કુલપતિ સિતાંષુ યશચંદ્ર ચૂંટાયા
– તેમની સામે સાગર યુનિ. મધ્યપ્રદેશના કુલાધિપતિ ડૉ. બળવંત જાની હતા. જેઓ ૨૦૧ મતે હાર્યા હતા.
– સિતાંશુ યશચંદ્રનો કાર્યકાળ ૩ વર્ષનો રહેશે.

**(૫) જયંત રિખે :**

– ધી હોંગકોંગ એન્ડ શાંઘાઇ બેન્કિંગ કોર્પોરેશને જયંત રિખેને ભારત માટે નવા સીઇઓ તરીકે નિમ્યા.
– ૧ ડિસેમ્બરથી જયંત સ્ટુઅર્ટ મિલનેનું સ્થાન લેશે.

પ્રશ્નો :

૧ વિક્રમ સવંતનું નવું કેટલામું વર્ષ છે ?
– ૨૦૭૪
૨ વિક્રમ સવંત ૨૦૭૪ વર્ષનું નામ જણાવો ?
– સૌમ્ય
૩ હિન્દુશાસ્ત્રો – પંચાગો મુજબ ચાન્દ્ર વર્ષના ૬૦ નામ છે તેમા પ્રથમ નામ કયું છે ?
– પ્રભવ
૪ ૬૦ નામોમાં આખરી નામ કયું છે?
– ક્ષય

Vivekanand Academy Gandhinagar

૫ વિક્રમ સવંત ૨૦૭૩ના વર્ષનું નામ શું હતું ?
– કિલક
૬ ગુજરાતમાં વિક્રમ સવંતનો પ્રારંભ ક્યારથી ગણાય છે ?
– કારતક માસથી
૭ દેશમાં મનાતા શાલીવાહન શકસંવતનો પ્રારંભ કયા માસથી થાય છે ?
– ચૈત્ર
૮ યુ.એન.ની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ૨૪ ઓક્ટોબર, ૧૯૪૫
૯ ભારત ક્યાં વર્ષથી યુ.એન.નું સભ્ય બન્યું ?
– ૧૯૪૫ (સ્થાપના સમયથી)
૧૦ છેલ્લે ૨૦૧૧માં યુ.એન.માં કયું રાષ્ટ્ર સભ્ય બન્યું ?
– દક્ષિણ સુદાન
૧૧ યુએનની સત્તાવાર કેટલી ભાષા છે ?
– ૬
૧૨ મેલબોર્ન મર્સર ગ્લોબલ પેન્શન ઇન્ડેક્સ – ૨૦૧૭ મુજબ ૩૦ દેશોની યાદીમાં ભારતનું સ્થાન ?
– ૨૮મું
૧૩ કયું રાષ્ટ્ર ગ્લોબલ પેન્શન ઇન્ડેક્સ – ૨૦૧૭ માં પ્રથમ સ્થાને છે
– ડેનમાર્ક
૧૪ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે કોણ ચૂંટાયા ?
– સિતાંષુ યશચંદ્ર
૧૫ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદની ચૂંટણીમાં સિતાંષુ યશચંદ્ર સામે કોણ હાર્યા ?
– ડૉ. બળવંત જાની
૧૬ ધી હોંગકોંગ એન્ડ શાંઘાઇ બેન્કિંગ કોર્પોરેશને કોને ભારત માટે નવા સીઇઓ નિમ્યા ?
– જયંત રિખે

## 25.October. 2017

**(૧) સિન્જો આબે :**
– જાપાનના વડાપ્રધાન
– હાલમાં જાપાનમાં સામાન્ય ચૂંટણી યોજાઇ હતી.
– સિન્જો આબેએ સતત ત્રીજી વાર જીતી પી.એમ. બન્યા.
– પક્ષ : લીબરલ ડેમો ક્રેટીક પાર્ટી.
– ૪૬૫ સીટવાળા ગૃહ માટે આબેની પાર્ટીને ૩૧૩ સીટ મળી હતી જે બે તૃત્યાંશથી પણ વધુ છે.

**(૨) ગિરિજા દેવી : ગાયીકા :**
– પ્રસિદ્ધ ઠુમરી ગાયિકા ગિરિજા દેવીનું અવસાન.
– જન્મ : ૮ મે, ૧૯૨૯, વારણસી
– તેમની એક કજરી 'બરસન લગી' ઘણી જ પ્રસિદ્ધ થઇ હતી.
– તેમને વર્ષ ૧૯૮૧ માં પદ્મભૂષણ અને ૨૦૧૬માં પદ્મવિભૂષણથી સન્માનીત કરાયા હતા.

**(૩) જીતુ રાય – હિનાસિંધુ : શુટીંગ**
– દિલ્હી ખાતે આઇએમએસએફ વર્લ્ડકપ ફાઇનલ્સમાં ભારતને ૧૦ મીટર એર પિસ્તોલમાં આ જોડીએ ગોલ્ડ મેડલ અપાવ્યો.
– જીતુરાય કોમનવેલ્થ અને એશિયન ગેમ્સમાં ગોલ્ડમેડલ જ્યારે સિંધુ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડમેડલજીતી ચૂકી છે.
– બંનેની જોડી સાથે ઉતરીને આ ત્રીજો ગોલ્ડમેડલ જીતી છે.
– આ મિક્ષ્ડ ઇવેન્ટ ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિકમાં પ્રથમ વખત દાખલ થશે.

**(૪) માનવઠક્કર : ટેબલ ટેનિસ**
– ગુજરાતી ખેલાડી માનવ ઠક્કર જૂનિયર ટેબલ ટેનિસમાં પ્રથમસ્થાને
– વર્લ્ડ જૂનિયર ટેબલ ટેનિસ ફેડરેશન દ્વારા જારી કરાયેલ રેન્કિંગ મુજબ માનવ ટોંચના સ્થાને છે.
– આ સિદ્ધી મેળવનાર માનવ પ્રથમ ભારતીય બન્યો છે.

**(૫) ફિફા પ્લેયર ઓફ ધ યર :**
– પોર્ટુગીઝ સુપરસ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોને ફિફા પ્લેયર ઓફ ધ યરનો એનાયત થશે.
– વિશ્વના ટોચના ફૂટબોલરને એવોર્ડ એનાયત થતાં આ એવોર્ડની રેસમાં લિયોનલ મેસી તથા નેમાર પણ સામેલ હતા.
– રોનાલ્ડોને પાંચમી વખત આ એવોર્ડ મળ્યો છે.
– સૌથી વધુ વખત એવોર્ડ જીતવાના મેસીના રેકોર્ડની બરોબરી કરી.
– કોચ ઝિનેદીન ઝિદાનને બેસ્ટ મેન્સ કોચ અને સારીના વિગ્માનને બેસ્ટ ફિમેલ કોચ એવોર્ડ મળ્યા.
– તથા બાર્સેલોનાની મહિલા ફુટબોલ ટીમ તરફથી રમતી લીક માર્ટેન્સને ફિફા બેસ્ટ ફિમેલ પ્લેયર ઓફ ધ યર જાહેર કરાઇ.

**(૬) લખનઉ – આગરા એક્સપ્રેસ–વે પર ફાઇટર જેટનું લેન્ડિંગ**
– ભારતીય વાયુસેનાએ લખનઉ– આગરા એક્સપ્રેસ–વે પર ફાઇટર જેટ વિમાનોની ઐતિહાસિક ડ્રીલનું આયોજન કર્યું.
– આ ડ્રીલમાં સૌથી પહેલા હરક્યુલસ–સી–૧૩૦જે એ લેન્ડિંગ કર્યું હતું.
– આ ઉપરાંત આ એક્સપ્રેસ વે માં લેન્ડ થવા સુખોઇ વિમાને બરેલીથી, જેગુઆરે ગોરખપુરથી મિરાજે ગ્વાલિયરથી અને એએન–૩૨ જેટે આગરાથી ઉડાન ભરી હતી.
– યુદ્ધ વખતે દુશ્મન દેશના એરબેઝ અને ટેકઓફ રૂટને નુકશાન પહોચાડવાનો પ્રયાસ થાય છે.
– જેથી ભારતે પણ વૈકલ્પિક એરસ્ટ્રીપ વિકસાવી લીધી જ્યાંથી યુદ્ધ વખતે સહેલાઇથી ઉડાન ભરી શક્ય છે.
– પહેલીવાર ૧૫ ગરૂડ કમાન્ડો સાથે ૩૫ હજાર કિલો વજનનું હરક્યુલિસ C-130-J એ ટચડાઉન છે.
– હરક્યુલસ ભારતે અમેરિકા પાસેથી ખરીદ્યુ છે. જેની કિમંત રૂા. ૯૦૦ કરોડ છે.



Vivekanand Academy Gandhinagar

– દેશમાં બે હાઇવે પર ટચડાઉનની ક્ષમતા (૧) યમુના એક્સપ્રેસ ૨) લખનઉ આગરા એક્સપ્રેસ વે
– તથા ૧૨ નવા બની રહ્યા છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં જાપાનની સામાન્ય ચૂંટણીમાં વડાપ્રધાનપદે કોણ ચૂંટાયા ?
– સિન્જો આબે
૨ સિન્જો આબે કયાં પક્ષના નેતા છે ?
– લિબરલ ડેમોક્રેટીક પાર્ટી
૩ ઓક્ટોબર– ૨૦૧૭માં કયા પ્રસિદ્ધ ઠુમરી ગાયિકાનું અવસાન થયું ?
– ગિરિજા દેવી
૪ ગિરિજા દેવીને વર્ષ ૨૦૧૬માં ભારત સરકાર દ્વારા કયા સન્માનથી સન્માનીત કરાયા ?
– પદ્મવિભૂષણ
૫ દિલ્હી ખાતે યોજાયેલ શૂટીંગ વર્લ્ડકપમાં કઇ ભારતીય જોડીએ મિક્ષ્ડ ઇવેન્ટમાં ગોલ્ડમેડલ જીત્યો ?
– જીતુરાય – હિંનુ સિંધુ
૬ કઈ ઓલિમ્પિકમાં પ્રથમ વખત શૂટીંગની મિક્ષ્ડ ઇવેન્ટ સામેલ કરવામાં આવશે ?
– ૨૦૨૦ ટોક્યો ઓલિમ્પિક
૭ ગુજરાતનો કયો ખેલાડી ઓક્ટોબર–૨૦૧૭ના રેન્કિંગ મુજબ જૂનિયર ટેનિસમાં વિશ્વમાં પ્રથમ નંબર પર છે.
– માનવ ઠક્કર
૮ ફિફા પ્લેયર ઓફ ધ યર – ૨૦૧૭ વિજેતા ?
– ક્રિસ્ટિયાનો રોનાલ્ડો
૯ બેસ્ટ ફિમેલ ફુટબોલર ઓફ ધ યર – ૨૦૧૭ ?
– લીંક માર્ટેન્સ
૧૦ તાજેતરમાં ભારતીય વાયુસેનાએ કયાં હાઇવે પર જેટ વિમાનોનું ટચડાઉન કર્યું છે ?
– લખનઉ આગરા– એક્સપ્રેસ વે
૧૧ હરક્યુલસ C-130-J ભારતે કોની પાસેથી ખરીદ્યુ છે ?
– અમેરિકા
૧૨ દેશમાં કેટલા હાઇવે પર ટચડાઉનની ક્ષમતા છે ?
– બે

## 26.October. 2017

**(૧) ગુજરાતમાં આચારસંહિતા લાગુ :**

– ચૂંટણીપંચ દ્વારા ૨૫ ઓકટોબરના રોજ ગુજરાતમાં ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કરાયો.
– ગુજરાત વિધાનસભા બેઠક – ૧૮૨ સીટ
– ગુજરાતમાં બે તબક્કામાં મતદાન થશે.
– પ્રથમ તબક્કામાં ૯ ડિસેમ્બરના રોજ ૮૯ બેઠક માટે જ્યારે બીજા તબક્કામાં ૧૪ ડિસેમ્બરના રોજ ૯૩ બેઠક માટે મતદાન થશે.
– ૧૮ ડિસેમ્બર મતગણતરી તથા પરિણામ જાહેર થશે.
– મતદાન માટે વીવીપેટ મશીનનો ઉપયોગ થશે.
– ગોવા અને હિમાચલ બાદ ગુજરાત ત્રીજું એવું રાજ્ય બનશે જ્યાં સંપૂર્ણ મતદાન દરમિયાન વીવીપેટ મશીનનો ઉપયોગ કરવામાં આવશે.
– VVPAT વોટર વેરીફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ
– VVPAT મતદાન કરનાર વ્યક્તિએ કોને મત આપ્યો તેની વિગત VVPAT મશીનમાં એક કાપલી દ્વારા દેખાય છે.
– આ કાપલી ૭ સેકન્ડ સુધી રહે છે. ત્યારબાદ મશીનમાં અંદર પડી જાય છે.
– કુલ ૪.૩૩ કરોડ મતદારો મતદાન કરશે.

**(૨) કાલીદાસ સન્માન :**

– રંગકર્મી રામગોપાલ બજાજને કાલીદાસ સન્માનથી નવાજવામાં આવશે.
– ઉજ્જેનમાં તેમને ૩૧ ઓક્ટોબરના રોજ આ એવોર્ડ આપવામાં આવશે.

પ્રશ્નો :

(૧) ગુજરાતમાં કઇ તારીખથી આચાર સંહિતા લાગુ થઇ ?
– ૨૫ ઓક્ટોબર
૨ કેટલી સીટ માટે ગુજરાત વિધાનસભાની ચૂંટણી થશે ?
– ૧૮૨
૩ ગુજરાતમાં કેટલા તબક્કામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાશે ?
– બે તબક્કામાં (૯ ડિસેમ્બર, ૧૪ ડિસેમ્બર)
૪ ગુજરાત સામાન્ય ચૂંટણીનું પરિણામ ક્યારે આવશે ?
– ૧૮ ડિસેમ્બર
૫ VVPAT નું પુરૂનામ જણાવો
– વોટર વેરીફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ
૬ સંપૂર્ણ મતદાન દરમિયાન VVPAT નો ઉપયોગ કરનાર ગુજરાત કેટલામું રાજ્ય બનશે ?
– ત્રીજું (પેલું– ગોવા, બીજું – હિમાચલ પ્રદેશ)
૭ VVPAT મશીનમાં વોટ કર્યા બાદ દેખાતી કાપલી કેટલો સમય દેખાય છે ?
– ૭ સેકન્ડ
૮ ગુજરાતમાં મતદારોની સંખ્યા જણાવો.
– ૪.૩૩ કરોડ
૯ કાલીદાસ સન્માનથી કોને સન્માનીત કરવામાં આવશે ?
– રંગકર્મી રામગોપાલ બજાજ

## 27.October. 2017

**(૧) મોસ્ટ વેલ્યુએબલ એથ્લીટ : ફોર્બ્સ**

– પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ દ્વારા વિશ્વમાં સૌથી વધુ કમાણી કરતા એથ્લિટ્સની યાદી બહાર પડાઇ .
– આ લિસ્ટમાં ૧૯ ગ્રાન્ડ સ્લેમ જીતનાર સ્વિત્ઝર્લેન્ડના ટેનિસ ખેલાડી રોજર ફેડરર પ્રથમ સ્થાને છે.
– તેની કમાણી ૩૭.૨ મિલિયન ડોલર આંકવામાં આવી છે.

Vivekanand Academy Gandhinagar

– ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીને આ યાદીમાં ૭મું સ્થાન મળ્યું છે. જેની બ્રાન્ડ વેલ્યુ ૧૪.૫ મિલિયન ડોલર આંકવામાં આવી છે.
– વિરાટ કોહલીને પ્રથમ વખત ટોપ–૧૦માં સ્થાન મળ્યું છે.
– ટોપ થ્રી એથ્લિટ :

| ક્રમ | નામ | રમત | કમાણી |
|---|---|---|---|
| ૧ | રોજર ફેડરર | ટેનિસ | ૩૭.૨ મિલિયન |
| ૨ | લીબોર્ન જેમ્સ | બાસ્કેટ બોલ | ૩૩.૪ મિલિયન |
| ૩ | ઉસેન બોલ્ટ | સ્પ્રિન્ટર | ૨૭ મિલિયન |

**(૨) સોફિયા – રોબોટ :**
– સાઉદી અરેબિયામાં યોજાયેલા એક ઇકોનોમિક ફોરમમાં સોફિયા નામની રોબોટને સતાવાર નાગરીક્તા આપવામાં આવી.
– કોઇ રોબોટને કોઇ દેશે સિટિઝનશીપ આપી હોય એવો આ પહેલો બનાવ છે.
– સાઉદી અરેબિયાએ ઈકોનોમિક ફોરમનું આયોજન કર્યું હતું જેમા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો.
– આ ઇકોનોમિક ફોરમમાં સોફિયાએ લોકોને સંબોધ્યા હતા.

સોફિયાની ખાસિયત :
– ચહેરા પર આવનારા હાવ– ભાવ ઓળખીને કોઇની સાથે પણ સમાન્ય વાતચીત કરવામાં સક્ષમ .
– તેમાં માનવીની જેમ અલગ – અલગ ઇમોશન્સ પણ છે.
– ટોક શોમાં ‘રોડ, પેપર, સિજર’ ગેમ જીતી ચૂકી છે.
– સોફિયાને હોંગકોંગની હેનસ રોબોટિક્સે બનાવ્યું છે.

**(૩) ભારતીય ભાષાના ૭૦ શબ્દોને ઓક્સફોર્ડમાં સ્થાન :**
– ભારતીય ભાષાના ૭૦ શબ્દ ઓક્સફર્ડ દ્વારા પ્રસિદ્ધ થનાર નવી આવૃતિમાં સામેલ કરાયા
– જેમા અન્ના, અચ્છા, ચીબ્બા જેવા શબ્દો છે.

પ્રશ્નો :
૧ ફોર્બ્સના અહેવાલ મુજબ વિશ્વમાં મોસ્ટ વેલ્યુએબલ એથ્લીટ્સમાં પ્રથમ ક્રમે કોણ છે ?
– રોજર ફેડરર
૨ કયાં ભારતીયને મોસ્ટ વેલ્યુએબલ એથ્લીટ્સની યાદીમાં ટોપ–૧૦ માં સ્થાન મળ્યું ?
– વિરાટ કોહલી – સાતમું સ્થાન
૩ સોફીયા નામની રોબોટને કયા રાષ્ટ્ર દ્વારા સત્તાવાર નાગરિકતા અપાઇ
– સાઉદી અરેબિયા
૪ સોફીયા રોબોટ કોના દ્વારા બનાવવામાં આવ્યું ?
– હેનસ રોબોટીક્સ, હોંગકોંગ
૫ ભારતીય ભાષાના કેટલા શબ્દોને ઓક્સફોર્ડની નવી આવૃત્તીમાં સામેલ કરાયા ?
– ૭૦ શબ્દો

## 28.October. 2017

**(૧) હૃદયનાથ મંગેશકર એવોર્ડ :**
– લેખક અને ગીતકાર જાવેખ અખ્તરને હૃદયનાથ મંગેશ્કર એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
– આ સન્માન તેમને સંગીતકાર હૃદયનાથ મંગેશકરની ૮૦ મી જયંતિના અવસરે એનાયત થયો હતો.
– સ્વર સામ્રાજ્ઞી લતા મંગેશકરના હસ્તે તેમને આ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

**(૨) માર્ટિના હિંગિસ – ટેનિસ :**
– સ્વિત્ઝર્લેન્ડની ટેનિસ સ્ટાર માર્ટિના હિંગીસે નિવૃત્તીની જાહેરાત કરી.
– હિંગિસે માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૧૯૯૭માં ૩ મેજર ટાઇટલ ઓસ્ટ્રેલિયન ઓપન, વિમ્બલ્ડન તથા યુએસ ઓપન જીત્યા હતા.
– તે એક સમયે ૨૦૯ સપ્તાહ સુધી નંબર વન ખેલાડી પણ રહી હતી.

**(૩) કેટલાન સંસદે સ્પેનથી આઝાદીનો ઠરાવ પસાર કર્યો :**
– સ્પેનથી અલગ દેશની રચના માટે કેટલાન સંસદે ઠરાવ પસાર કર્યો.
– આ પ્રાંતની સંસદના કુલ ૧૩૫ સંસદમાં ૭૦ મત તરફેણમાં, ૧૦ વિરોધમાં, ૨ ખાલી મત તથા ૫૩ સાંસદોએ વોકઆઉટ કર્યું હતું.
– સ્પેનના વડાપ્રધાન મારિયાનો રાજોયે આ મતદાનને ગેરકાયદેસર જાહેર કર્યું હતું.
– કેટલાન પ્રમુખ – કાર્લરવ પુજીમોંટ

**(૪) શૂટીંગ વર્લ્ડ કપ : દિલ્હી**
– ભારતમાં ચાલી રહેલા શુટીંગ વર્લ્ડકપ ફાઇનલ ચેમ્પિનશીપમાં ભારતના સંગ્રામ દહિયાએ પુરૂષોની ડબલ ટ્રેપ ઇવેન્ટમાં, સિલ્વર મેડલ જીત્યો.
– આ અગાઉ અમનપ્રીતસિંઘે ૫૦ મીટર પિસ્તોલ ઇવેન્ટમાં બ્રોન્ઝમેડલ જીત્યો હતો.

પ્રશ્નો :
૧ હૃદયનાથ મંગેશકર એવોર્ડથી કોને સન્માનીત કરવામાં આવ્યા ?
– જાવેદ અખ્તર
૨ ઓક્ટોબર–૨૦૧૭માં કઇ ટેનિસ સ્ટારે આંતરરાષ્ટ્રીય ટેનિસમાંથી નિવૃત્તી લીધી ?
– માર્ટિના હિંગીસ
૩ તાજેતરમાં કઇ સંસદે સ્પેનથી અલગ થવા ઠરાવ પસાર કર્યો ?
– કેટલાન
૪ સંગ્રામ દાહિયા કઇ રમત સાથે સંકળાયેલ છે ?
– શૂટીંગ
૫ કેટલાન પ્રાંતના પ્રમુખનું નામ જણાવો ?
– કાર્લરવ પુજીમોંટ

## 29.October. 2017

**(૧) વર્લ્ડ સ્ટ્રોક ડે**

**(૨) પ્રો–કબડ્ડી લીગ સીઝન ફાઇવ :**

- પ્રો – કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં પટના પેઇરેટ્સ ચેમ્પિયન બની હતી.
- આ સાથે પટના પાઇરેટ્સ સતત ત્રીજી વખત પ્રો–કબડ્ડીમાં ચેમ્પિયન રહ્યું હતું.
- વિજેતા પટના પાઇરેટ્સની ટીમને રૂા. ૩ કરોડનું ઇનામ મળશે.
- પટના પાઇરેટ્સ કેપ્ટન : પ્રદિપ નરવાલ
- ગુજરાતની ટીમ ગુજરાત ફોર્ચ્યુંન જાયન્ટ્સ રનર્સ અપ રહી હતી.
- ગુજરાતની ટીમ પ્રથમ વખત પ્રો –કબડ્ડી લીગમાં રમી હતી અને ફાઇનલ સુધી પહોંચી હતી.
- રનર અપ ગુજરાત ફોર્ચ્યુંન જાયન્ટ્સને ૧ કરોડ ૮૦ લાખ રૂપિયા મળશે.
- ગુજરાત કેપ્ટન : સુકેશ હેગડે
- ફાઇનલ મેચ ચેન્નઇ ખાતે યોજાઇ હતી.
- ટૂર્નામેન્ટના એવોર્ડ્સ :
- બેસ્ટ ઇન્ડિવિઝ્યુઅલ પ્રદર્શન : પ્રદિપ નરવાલ
- રેઇડર ઓફ ધ ટૂર્નામેન્ટ – પ્રદિપ નરવાલ
- રાઇઝીંગ સ્ટાર : સચિન તવર (ગુજરાત)
- ડિફેન્ડર ઓફ ધ ટૂર્નામેન્ટ – સુરેન્દ્ર નાડા (હરિયાણા)
- મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર : પ્રદિપ નરવાલ

**(૩) ફિફા અંડર –૧૭ વર્લ્ડકપ – ફૂટબોલ**

- વિજેતા – ઇંગ્લેન્ડ
- રનર્સ અપ : સ્પેન
- ફાઇનલ મેચ કોલકત્તાના વિવેકાનંદ યુવા ભારતી ક્રિડાંગન સ્ટેડિયમમાં રમાઇ હતી.
- ૬ થી ૨૮ ઓક્ટોબર સુધી યોજાયેલ આ ટુર્નામેનટમાં ૨૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ભારત પ્રથમ વખત રમ્યું હતું.
- ભારતના ૬ શહેરોમાં આ ટૂર્નામેન્ટનું આયોજન થયું હતું.
  (૧) કોલકત્તા (૨) દિલ્હી
  (૩) કોચી (૪) મુંબઇ
  (૫) ગુવાહાટી (૬) ગોવા
- ટૂર્નામેન્ટનું મેસ્કોટ : ચિત્તાની પસંદગી કરાઇ હતી. જેનું નામ : 'ખેલેઓ' હતું.
- અંડર–૧૭ ફૂટબોલ વર્લ્ડકપની ભારતીય ટીમમાં કુલ ૮ ખેલાડીઓ મણીપુરના હતા.
- ભારતીય ફુટબોલ ટીમ કેપ્ટન : અમરજીતસિંહ, મણીપણુર
- ટૂર્નામેન્ટમાં ઉપયોગ થયેલ બોલનું નામ : ક્રસાવા
- ૨૦૧૪ના ફિફા વર્લ્ડકપમા બ્રાઝુકા બોલનો ઉપયોગ થયો હતો.
- આ બંને બોલ એડીડાસ કંપનીએ બનાવ્યા છે.

**(૪) રૂપેશ શાહ : બિલિયડ્ર્સ :**

- ગુજરાતના રૂપેશ શાહે ઇંગ્લેન્ડમાં યોજાયેલ વર્લ્ડ બિલિયડ્ઝ ચેમ્પિયનશીપમાં બ્રોન્જ મેડલ જીત્યો.
- રૂપેશ સતત ત્રીજા વર્ષે વર્લ્ડ બિલિયડ્ઝમાં બ્રોન્જ મેળવવામાં સફળ રહ્યો હતો.

પ્રશ્ન :

૧ ૨૯ ઓક્ટોબરના રોજ કયો વૈશ્વિક દિવસ મનાવાય છે ?
- વર્લ્ડ સ્ટ્રોક ડે

૨ પ્રો–કબડ્ડી લીગ સીઝન ફાઇવ વિજેતા ટીમ ?
- પટના પાઇરેટ્સ

૩ પ્રો કબડ્ડી લીગ સીઝન ફાઇવ રનર્સઅપ ટીમ ?
- ગુજરાત

૪ પ્રો કબડ્ડી લીગની ફાઇનલ મેચ કયા યોજાઇ હતી ?
- ચેન્નઇ

૫ પટના પાઇરેટ્સ ટીમ કેપ્ટન ?
- પ્રદિપ નસ્વાલ

૬ ગુજરાત ફોર્ચ્યુંન જાયન્ટ્સ ટીમ કેપ્ટન ?
- સુકેશ હેગડે

૭ ફિફા અંડર–૧૭ ફુટબોલ વર્લ્ડકપ કયાં યોજાયો હતો ?
- ભારત

૮ ફિફા અંડર–૧૭ ફૂટબોલ વર્લ્ડકપ વિજેતા ?
- ઇંગ્લેન્ડ

૯ ફિફા અંડર–૧૭ ફૂટબોલ વર્લ્ડકપ રનર્સઅપ ?
- સ્પેન

૧૦ અંડર–૧૭ ફૂટબોલ વર્લ્ડકપની ફાઇનલ મેચ કયાં યોજાઇ હતી ?
- વિવેકાનંદ યુવા ભારતી ક્રિડાંગન, કોલકત્તા

૧૧ ભારતના કેટલા શહેરોમાં અંડર–૧૭ ફુટબોલ વર્લ્ડકપની મેચો યોજાઇ હતી ?
- ૬

૧૨ અંડર–૧૭ ફૂટબોલ કપ ના મેસ્કોટનું નામ જણાવો ?
- ખેલેઓ

૧૩ અંડર–૧૭ ફૂટબોલ વર્લ્ડકપમાં કયાં બોલનો ઉપયોગ થયો હતો ?
- ક્રસાવા

૧૪ રૂપેશ શાહ કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- બિલિયર્ડસ

## 30.October. 2017

**(૧) કિદામ્બી શ્રીકાંત – બેડમિન્ટન :**

- ભારતના સ્ટાર શટલર કિદામ્બી શ્રીકાંતે ફ્રેંન્ચ ઓપન બેડમિન્ટન સુપર સિરિઝનું ટાઇટલ જીત્યું.
- ફાઇનલમાં તેણે જાપાનના નિશિમોતો કેન્તાને પરાજય આપ્યો.
- શ્રીકાંતે આ વર્ષે ચોથું અને કારકીર્દિનું છઠ્ઠું સુપર સિરિઝનું ટાઇટલ જીત્યું.

**(૨) ડેવિડ મીલર – સાઉથ આફ્રીકન ક્રિકેટર :**

- સાઉથ આફ્રીકાના આક્રમક ક્રિકેટર ડેવિડ મીલરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રેકોર્ડ બ્રેક સદી ફટકારી
- માત્ર ૩૫ બોલમાં સદી ફટકારી આંતરરાષ્ટ્રીય ટી–૨૦ ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ સદીનો રેકોર્ડ પોતાના નામે કર્યો.
- આ રેકોર્ડ તેને બાંગ્લાદેશ વિરૂદ્ધ નોંધાવ્યો હતો.
- આ પહેલા ફાસ્ટેસ્ટ સદીનો રેકોર્ડ સાઉથ આફ્રિકાના જ રિચાર્ડ લેવીના નામે હતો.

(૩) WTA ફાઇનલસ – ટેનિસ :
– વિજેતા : કેરોલિના વોઝનિયાકી, ડેનમાર્ક
– રનર્સ અપ : વિનસ વિલિયમ્સ, અમેરિકા
– વોઝનીયાકી WTA ફાઇનલ ટેનિસમાં પ્રથમ વખત ચેમ્પિયન બની હતી.
– આ ઉપરાંત રોહન બોપન્ના અને ઉરુગ્વેના પાબ્લો ક્યુવાસાની જોડીએ વિયેના ઓપનના પુરૂષ ડબલ્સનું ટાઇટલ જીત્યું.

(૪) શૂટીંગ વર્લ્ડકપ – દિલ્હી :
– દિલ્હીમાં યોજાયેલ શૂટીંગ વર્લ્ડકપમાં ભારત સાતમાં ક્રમે રહ્યું હતું.
– ભારતે ટૂર્નામેન્ટમાં એક ગોલ્ડ, એક સિલ્વર તથા એક બ્રોન્ઝ મેળવ્યો હતો.
– ઇટાલી બે ગોલ્ડ, ત્રણ સિલ્વર તથા એક બ્રોન્ઝ સાથે પ્રથમ ક્રમે રહ્યું હતું.

(૫) વિરાટ કોહલી : ભારતીય ક્રિકેટર :
– ભારતના ત્રણેય ફોર્મેટના કેપ્ટન વિરાટ કોહલીએ વન–ડેમાં ફાસ્ટેટ ૯૦૦૦ રન પુરા કર્યા.
– ૧૯૪ ઇનિંગમાં ૯૦૦૦ રન કરી વિશ્વવિક્રમ બનાવ્યો હતો.
– આ પહેલા સાઉથ આફ્રિકાના એબીડીવિલિયર્સ ના નામે આ રેકોર્ડ હતો, તેને ૨૦૫ ઇનિંગમાં ૯૦૦૦ રન પુરા કર્યા હતા.
– ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી વન–ડેમાં તેને આ રેકોર્ડ નોંધાવ્યો હતો.
– આ ઉપરાંત વન–ડે માં સૌથી વધુ રેટીંગ મેળવનાર ભારતીય બની ગયો છે.
– તેને વન–ડેમાં ૮૮૯ રેટીંગ પોઇન્ટ મળ્યા છે.
– આ પહેલા ભારત તરફથી સચીનના સર્વાધિક ૮૮૭ રેટીંગ પોઇન્ટ હતા.

પ્રશ્નો :
૧ ફ્રેંચ ઓપન બેડમિન્ટન સુપર સીરિજ ટાઇટલ વિજેતા ?
– કિદામ્બી શ્રીકાંત, ભારત
૨ ફ્રેંચ ઓપન બેડમિન્ટન રનર્સ અપ ?
– નિશિમોતો કેન્તા , જાપાન
૩ તાજેતરમાં કયાં ક્રિકેટરે આંતરરાષ્ટ્રીય ટી–૨૦માં ફાસ્ટેસ્ટ સદી ફટકારી ?
– ડેવિડ મિલર (૩૫ બોલ)
૪ WTA ફાઇનલ – ટેનિસ વિજેતા ?
– કેરોલિના – વોઝનિયાકી, ડેનમાર્ક
૫ WTA ફાઇનલ– ટેનિસ રનર્સઅપ ?
– વિનસ બિલયમ્સ, અમેરિકા
૬ દિલ્હીમાં યોજાયેલ શૂટીંગ વર્લ્ડકપમાં ભારતે કુલ કેટલા મેડલ જીત્યા ?
– ત્રણ (૧ ગોલ્ડ, ૧ સિલ્વર, ૧ બ્રોન્ઝ)
૭ વન–ડે ક્રિકેટમાં ફાસ્ટેસ્ટ ૯૦૦૦ રન બનાવનાર ખેલાડી ?
– વિરાટ કોહલી
૮ વિરાટ કોહલીએ કેટલી ઇનિંગમાં ૯૦૦૦ રનનો આંકડો પાર કર્યો ?
– ૧૯૪
૯ વન–ડે માં સૌથી વધુ રેટીંગ મેળવનાર ભારતીય ?
– વિરાટ કોહલી (૮૮૯ પોઇન્ટ)

## 31.October. 2017

(૧) રાષ્ટ્રીય એક્તા દિવસ :
– સરદાર પટેલની ૧૪૨મી જન્મજયંતિ.
– ભારત સરકાર તેમના જન્મદિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે મનાવે છે.

(૨) કાર્તિક પૂર્ણિમાનો મેળો :
– સૌરાષ્ટ્રમાં સોમનાથ ખાતે કાર્તિક પુર્ણિમાનો મેળો યોજાય છે.
– છેલ્લા ૬૨ વર્ષથી આ પરંપરાગત મેળો કારતક માસની તેરસ, ચૌદસ અને પુનમના દિવસે યોજાય છે.
– સોમનાથમાં ૧૨ જ્યોતિર્લિંગમાં પ્રથમ જ્યોતિર્લિંગ સ્વરૂપે ભગવાન સોમનાથ બિરાજમાન છે.
– મહાભારત અને પુરાણોમાં ઉલ્લેખ થયા મુજબ ભગવાન શિવે ત્રિપુરા નામના રાક્ષસ અસુરના ત્રણધાતુના સુવર્ણ–રજત–લોહ નિમિત્તે ત્રણ નગરોનો બાળીને નાશ કર્યો હતો.
– આ દિવસ કાર્તિક પુર્ણિમાનો હતો.
– ભગવાન શિવ ત્યારથી ત્રિપુરારી કહેવાયા. અને કાર્તિક સુદ પૂર્ણિમાં નામે ત્રિપુરારી પૂર્ણિમા પ્રસિદ્ધ થઇ.

(૩) મેક્સિકન એફ–૧ રેસ :
– વિજેતા લુઇસ હેમિલ્ટન
– બ્રિટિશ હેમિલ્ટન મર્સિડિઝનો ડ્રાઇવર છે તથા તેને ચોથી વખત આ ચેમ્પિયનશીપ જીતી.

(૪) એમ.વી. શ્રીધર :
– બીસીસીઆઇના પૂર્વ જનરલ મેનેજર એમ.વી. શ્રીધરનું અવસાન.
– હૈદરાબાદના પૂર્વ ક્રિકેટર શ્રીધરે ફર્સ્ટક્લાસ ક્રિકેટમાંથી ૯૭ મેચમાં ૬૭૦૧ રન બનાવ્યા હતા. જેમાં ૨૧ સદીનો સમાવેશ પણ થાય છે.

(૫) આઇએનએસ તારિણી :
– ભારતીય નૌકાદળના ઇતિહાસમાં પ્રથમ વખત છ મહિલા સાહસિકો વિશ્વભ્રમણ કરવા નીકળી છે.
– તાજેતરમાં આ મહિલા સાહસિકો ઓસ્ટ્રેલિયા પહોંચી હતી.
– આઇએનએસ તારિણીએ ગોવાથી ઓસ્ટ્રેલિયાનું અંતર ૪૩ દિવસમાં પુરૂ કર્યું હતું.
– ભારતીય નૌસેનાની આ ૬ મહિલા સાહસિકો સાત મહિનામાં ૨૨ હજાર નોટીકલ માઇલનો પ્રવાસ ખેડીને વિશ્વ પ્રવાસ કરશે.
– આઇએનએસ તારિણીની કેપ્ટન – વર્તિકા જોશી

પ્રશ્નો :
૧ ૩૧ ઓક્ટોબરના રોજ કયાં ભારતીય મહાનુભાવની જન્મજયંતિ છે ?
– સરદાર પટેલ
૨ ભારતમાં સરદાર પટેલની જન્મજયંતિએ કયો દિવસ મનાવાય છે ?

– રાષ્ટ્રીય એકતા દિવસ

૩ ૩૧ ઓક્ટોબર ૨૦૧૭ સરદાર પટેલની કેટલામી જન્મજયંતિ ઉજવાઇ ?

– ૧૪૨ મી

૪ કાર્તિકી પૂર્ણિમાનો મેળો કયાં ભરાય છે ?

– સોમનાથ

૫ કયાં દિવસે કાર્તિકી પૂર્ણિમાનો મેળો ભરાય છે ?

– કારતક માસની તેરસ, ચૌદસ અને પૂનમ

૬ મેક્સિકન એફ–૧ રેસ વિજેતા ?

– લુઇસ હેમિલ્ટન

૭ તાજેતરમાં BCCI કયાં પૂર્વ જનરલ મેનેજરનું અવસાન થયું ?

– એમ. વી. શ્રીધર

૮ ભારતીય નૌકાદળની ૬ મહિલા સાહસિકો કયા જહાજ દ્વારા વિશ્વભ્રમણ કરવા નિકળ્યા ?

– આઇએનએસ તારિણી

૯ આઇએનએસ તારિણીની કેપ્ટનનું નામ જણાવો ?

– વર્તિકા જોશી

————————સત્યમેવ જયતે——————————

Vivekanand Academy Gandhinagar